Friday 28, August 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૯૬ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## BEST PRACTICES & INITIATIVES

- **VILLAGE ADOPTION PROGRAM**
  Initiated by students of NAMO Medical Education & Research Institute, serving as the first point of contact for community health issues and awareness campaigns.
- **AFFORESTATION DRIVE**
  Reforested 2,663 hectares of forest land with 3.8 million (38 lakh) seedlings—including Khair, Teak, and fruit-bearing species—since 2017.
- **NUTRITIONAL SUPPORT FOR WORKERS**
  Provided 32 lakhs nutritious meals to Industrial labourers & Construction worker since 2018.
- **INTEGRATED FISHING HARBOUR**
  Developing India's first Integrated Harbour at Vanakbara in Diu, adopting "Smart Green" (environmental sustainability) and "Smart Blue" (marine resource economics) frameworks.
- **SARKAR AAPKE DWAR**
  More than 30,000 applications have been successfully processed and disbursed.
- **DAYTIME SOLAR ENERGY**
  Diu district becomes the first district in the country to operate on 100% solar energy during daytime hours.
- **DIGITAL SCHOOL HEALTH PROGRAM**
  Implemented to screen and consolidate health data for all students through a unified platform.
- **VACUUM SEWERAGE SYSTEM**
  Established a vaccum-based sewerage network in Daman (one of its kind in the country).
- **PUBLIC HEALTH MANAGEMENT PLATFORM**
  Enrolled over 2 lakhs families and 7 lakhs citizens across the Union Territory on a centralized digital health platform for monitoring & updation.
- **PERFORMANCE-BASED GRANT-IN-AID POLICY**
  Implemented in school education to boost academic performance and improve SSC/HSC board examination results.
- **KHELO INDIA BEACH GAMES**
  Initiated Beach games in 2024 and organised the first ever Khelo India Beach Games in 2025 and also in 2026 at Blue Flag certified Ghoghla Beach, Diu.

# 10 साल बेमिसाल

dadra & nagar haveli | daman & diu



**SHRI NARENDRA MODI**
Hon'ble Prime Minister

**SHRI PRAFUL PATEL**
Hon'ble Administrator
UTs of Dadra & Nagar Haveli and Daman & Diu and Lakshadweep

Whenever I come here, my heart is filled with joy. It is also a pleasure for me to see the development journey of Daman, Diu, Dadra and Nagar Haveli. Compared to the last time, this region has moved miles ahead on the path of development. Behind these works, the vision of Praful Bhai Patel, his and his team's hard work is clearly visible. For this, I also appreciate Praful Bhai and his entire team."

— नरेन्द्र मोदी

*"Ten years ago, we embarked on a transformational journey to build a modern, vibrant Union Territory. Today, as we celebrate '10 Saal Bemisal,' the results speak for themselves. From world-class healthcare facilities and educational institutions to a thriving industrial ecosystem generating over ₹3 lakh crore in annual turnover, DNH & DD has emerged as a beacon of progress. With 5 million+ tourists, 100% housing saturation, and recognition across 200+ national awards, this decade has redefined what inclusive development truly means. This is our shared legacy of excellence."*

## PMAY – HOUSING FOR ALL

Pradhan Mantri Awaas Yojna-Gramin | प्रधान मंत्री आवास योजना-शहरी Pradhan Mantri Awas Yojana-Urban

**SANCTIONED**
**20,000**
**DWELLING UNITS**

Turning **15%** of the UT's total Households' Dream into reality

UNDER PMAY (GRAMIN & URBAN)

## INDUSTRIAL SECTOR - A DECADE OF PROGRESS

**01 THRIVING INDUSTRIAL ECONOMY**

OVER **7,000+** MANUFACTURING UNITS OPERATING IN THE UT

ANNUAL TURNOVER: **₹3.25** LAKH CRORES

ANNUAL EXPORTS: **₹42,000+** CRORES

### DRIVING EMPLOYMENT & INVESTMENT

- **1,220+** NEW INDUSTRIES ADDED
- 2.5 LAKH INDIVIDUALS EMPLOYED

### LEADING INDIA IN TEXTURED YARN PRODUCTION

- **THE UT ACCOUNTS FOR 40%** of India's total texturized yarn production, making the UT a dominant national hub for man-made fibers and synthetic textiles.

"It is also a matter of pride that this Union Territory has made its distinct identity in the field of man-made fiber. Dadra and Nagar Haveli are recognized as the National Man-Made Fibre Capital."

— नरेन्द्र मोदी

## HEALTHCARE SECTOR

**NAMO HOSPITAL - SILVASSA**
India's only fully centralized air-conditioned district hospital, handling over 5,000 OPD patients daily.

**NAMO HOSPITAL - DAMAN**
450 bedded NAMO Hospital Daman setting new benchmarks & ensuring best to best healthcare services

**NAMO MEDICAL COLLEGE - SAYLI**
Center of excellence for medical education in this region

**NQAS**
All health care institutes in the UT have acquired National Quality Assurance Standards (NQAS) certification.



NAMO HOSPITAL, DNH


NAMO HOSPITAL, DAMAN

"The NAMO Hospital at Daman has modern facilities and will go a long way in addressing the healthcare needs of the Union Territory and surrounding areas."

— नरेन्द्र मोदी

## TOURISM SECTOR & AVIATION




**₹500 Crore+ Approx.**
Cumulative Revenue Potential through strategic assets monetisation

**DIU AIRPORT**




**NAMO AIRPORT, DAMAN**




Planned to connect with Goa, Diu, Rajkot & Other Major Cities

Expansion for both the Airports are underway to facilitate operation of bigger aircrafts such as Airbus 320 & Boeing.

"Daman's NAMO Airport gets a modern terminal building that will cater to the growing infrastructure needs of this Union Territory. It will boost tourism and commercial activities."

— नरेन्द्र मोदी


## EMERGING TOURIST DESTINATION


AVIARY, DAMAN


NIGHT MARKET, DAMAN


NAMOPATH SEAFRONT


JAMPORE SEAFRONT


GHOGHLA BEACH, DIU


INS KHUKRI MEMORIAL, DIU


NAIDA CAVES, DIU


DUDHANI LAKE, DNH

## EDUCATION SECTOR

**DIU** Out of 784 districts in india, Diu district secured the **1st Position** as per the performance grading index(PGI) of the ministry of education, govt. of india

**DIU** From the bottom to the top in SSC & HSC Gujarat Board results, Diu is emerging as the best performing district

**INTEGRATED SMART CLASSES** ensures multi - lingual instruction and 100% Smart Classrooms from std 6th to 12th

## A DECADE OF TRANSFORMATION IN HIGHER EDUCATION

**BEFORE 2016**

NO MAJOR HIGHER EDUCATION INSTITUTES

2016 A NEW BEGINNING

**AFTER 2016**

**HIGHER EDUCATIONAL INSTITUTES ESTABLISHED FOR A BETTER FUTURE**

- NAMO MEDICAL COLLEGE & RESEARCH INSTITUTE
- NIFT CAMPUS DAMAN
- GUJARAT NATIONAL LAW UNIVERSITY CENTER
- PARAMEDICAL COLLEGE
- ENGINEERING COLLEGE
- NURSING COLLEGES
- IIIT AT THE DIU EDUCATION HUB

## GOOD GOVERNANCE INITIATIVES & RECOGNITION

- **NEW REGULATIONS** — Formulated and introduced 54 new rules and regulations
- **STAFFS RATIONALISATION IN ALL DEPARTMENTS** — Better manpower utilisation and faster service delivery.
- **ODP 2024 Notified** — Planned development across all three districts.
- **Encroachment-Free UT** — Proactive administration for orderly development.
- **Ease of Doing Business** — Simpler processes, faster approvals and investor-friendly governance.
- **200+ National Awards & Recognitions** — Excellence in governance and public service.

**177 ONLINE SERVICES PROVIDED BY THE ADMINISTRATION**

24X7 ACCESS | PAPERLESS PROCESS | FASTER DELIVERY | TRANSPARENT & ACCOUNTABLE | CITIZEN CENTRIC

## DEVELOPMENT OF HIGH QUALITY INFRASTRUCTURE

EXECUTES **450+** PROJECTS | WORTH **₹ 15,000** Crs

### EDUCATION

- **37** NEW SCHOOLS HOUSING 80% OF THE UT's SCHOOL-GOING CHILDREN IN STATE-OF-THE-ART CAMPUSES
- **10** NEW HIGHER & TECHNICAL INSTITUTIONS (NIFT, GNLU, IIIT, NAMO MEDICAL COLLEGE, ENGINEERING COLLEGE, NURSING COLLEGES, PARAMEDICAL COLLEGE & ITIs)

### HEALTHCARE & WELLNESS

- **2** DISTRICT HOSPITALS - NAMO HOSPITAL, SILVASSA & NAMO HOSPITAL, DAMAN
- **1** SUB DISTRICT HOSPITAL, KHANVEL
- **72** HEALTH & WELLNESS CENTRE BUILT
- A DEDICATED 100 BED AYURVEDIC HOSPITAL, PATI, DNH

### CONNECTIVITY & ROADS

- **900+** KM OF HIGH QUALITY ROADS
- **13** NEW MAJOR BRIDGES & FOOT-OVER-BRIDGES
- **3** NEW BUS STANDS (ONE IN EACH DISTRICT)
- **2** NEW-AGE TRANSPORT NAGARS (DAMAN & DNH) ENSURES LAST MILE CONNECTIVITY

### CIVIC & GOVERNANCE INFRASTRUCTURE

- **38** ARCHITECTURALLY DISTINCTIVE PANCHAYAT GHARS CONSTRUCTED
- **216** NEW LANDMARK ANGANWADIS CONSTRUCTED
- **8** NEW MARKET & SHOPPING COMPLEXES
- **7** NEW STATE-OF-THE-ART GUEST HOUSES/BHAWAN

### WATERFRONT & ICONIC LANDMARKS

- A MODERN BOAT PARKING FACILITY IN DAMAN
- FIRST-OF-ITS-KIND SMART AND INTEGRATED HARBOUR PROJECT IN DIU
- AN ICONIC BRIDGE CONNECTING NAMOPATH, DEVKA & JAMPORE SEAFRONT IN DAMAN
- A STATE OF THE ART CONVENTION CENTRE IN DAMAN WITH A CAPACITY OF 3,000 GUESTS

### SPORTS & RECREATION

- **10** MODERN SPORTS COMPLEXES ACROSS ALL THREE DISTRICTS
- **3** WORLD-CLASS PROMENADES - NAMOPATH, JAMPORE SEAFRONT AND DIU PROMENADE
- **2** UNIQUELY DESIGNED RIVERFRONTS - KHANVEL RIVERFRONT & SILVASSA RIVERFRONT

"Dadra and Nagar Haveli, Daman and Diu is not just a Union Territory but a source of pride and heritage. This is why we are transforming the region into a model state known for its holistic development."

— नरेन्द्र मोदी

## ચીખલીના સાદકપોરથી કારમાંથી દારૂ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૭ :** ચીખલી પોલીસ સ્ટેશનના સર્વેન્સ સ્ટાફને બાતમી મળી હતી કે ખેરગામ તરફથી દારૂ ભરેલી એક ઈનોવા ક્રિષ્ટા ગાડી નંબર gj 15 cm 7872માં દારૂનો જથ્થો આવી રહ્યો છે. જે બાતમીના આધારે ચીખલી ખેરગામ માર્ગ ઉપર વોચ રાખી હતી. દરમિયાન બાતમી વાળી કાર પોલીસની નજરે ચઢતા પોલીસે કારને આંતરવાનો પ્રયાસ કરતા ચાલકે કારને પૂરઝડપે ભગાવી મૂકી હતી દરમિયાન પોલીસે મોબાઈલ દ્વારા અન્ય પોલીસ સ્ટાફને જાણ કરતા તેમના દ્વારા ચીખલી કાવેરી નદીના પુલ પાસે વાહનોની આડસ ઊભી કરી દેવામાં આવતા કારચાલક પુનઃ ખેરગામ તરફ નાસી છૂટ્યો હતો. પરંતુ નાકાબંધી કરી રહેલી પોલીસે કારને આંતરિ લીધી હતી જોકે ઈનોવા કારના ચાલકે ખાનગી વાહનને પણ વારંવાર ટક્કર મારી હતી પોલીસે કારની તલાસી લેતા કારમાંથી વિસ્કીની નાની મોટી બોટલો તેમજ ટીન બિયરનો જથ્થો કુલ ૧૪૧૬ જેની કિંમત રૂપિયા ૩.૪૩.૨૦૦ તેમજ ઈનોવા ગાડી ની કિંમત રૂપિયા ૧૦ લાખ તથા એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૧૩.૫૩.૨૦૦ નો મુદ્દા માલ કબ્જે કરવામાં આવ્યો છે પોલીસે કારમાંથી ગાડીનો સાચો નંબર ધરાવતી નંબર પ્લેટ gj 16 au 3649 હોય જે કબજે કરી છે. સદર ઘટનામાં પોલીસે કારનો ચાલક નરેશ ઉર્ફે મોગી અરવિંદ નાયક રહે. તીઘરા ગામ બંગલા ફળીયા તા.પારડી જી. વલસાડની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો ભરેલ કાર આપનાર રવિ ગણપત હળપતિ રહે મોહનગામ ભંડારવાડ તા. ઉમરગામ જી. વલસાડ તેમજ દારૂનો જથ્થો મંગાવનાર સુરત જિલ્લાના કામરેજ ખાતે રહેતા એક અજાણ્યા ઈસમને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરાયો છે.


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM SUNIL KUMAR TO SUNIL KUMAR SINGH
ADDRESS: - MARVAL PARK, RAW HOUSE NO. B, S-1-C-229, JANU NI WADI, DUNETHA NANI DAMAN-396210



**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે, હમારા અસીલશ્રી મોરારભાઈ દયાળજી પટેલ, રહે. શ્રી લક્ષ્મી નિવાસ, દાદરી ફળિયા, અતુલ, તા.જી.વલસાડનાઓનો સૌથી મોટો પુત્ર ડેનીશકુમાર મોરારભાઈ પટેલ જેની ઉંમર ૩૮ વર્ષ છે. જે અમારા અસીલના કહેલામાં ન હોય અને પોતાની મરજીથી તા.૨૦/૦૮/૨૦૨૬ના રોજ હમારા અસીલનું ઘર છોડી જતો રહેલ છે ત્યારથી અમારી સાથે કે અમારા પરીવારના સભ્યો સાથે કોઈપણ પ્રકારના સંપર્કમાં નથી. જેથી હાલની આ નોટીસથી હમારા અસીલ અને તેમના ઘરના સભ્યો દ્વારા ડેનીશકુમાર મોરારભાઈ પટેલ સાથે તમામ સબંધો કાપેલ છે અને તેઓ સાથે અમોએ કે અમારા પરીવારના સભ્યોએ કોઈ લેવાદેવા રાખેલ નથી. અને હાલની નોટીસથી ડેનીશકુમાર મોરારભાઈ પટેલને હમારા અસીલની તમામ સ્થાવર અને જંગમ મીલકતમાંથી બેદખલ કરેલ છે. અને ડેનીશકુમાર મોરારભાઈ પટેલ ઘર છોડતી વખતે પોતાના તમામ અસલ કાગળો પોતાની સાથે લઈ ગયેલ છે અને તેની કોઈ ચીજવસ્તુ અમારા અસીલ પાસે નથી. અને ડેનીશકુમાર મોરારભાઈ પટેલ સાથે કોઈપણ વ્યક્તિ કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તેની કોઈપણ જવાબદારી હમારા અસીલ કે તેમના પરીવારની રહેશે નહી. અને ડેનીશકુમાર મોરારભાઈ પટેલ કોઈપણ ગુનાહીત કૃત્ય કરે તો જવાબદારી તેની વ્યક્તિગત રહેશે અને તેના કૃત્ય બાબતે જવાબદારી હમારા અસીલની હરહેશે નહી. જેથી જાહેર જનતાને જણાવવાનું કે ડેનીશકુમાર મોરારભાઈ પટેલ સાથે હમારા અસીલને લગતા કે સબંધી કોઈપણ વ્યવહાર કે હમારા અસીલની તમામ સ્થાવર કે જંગમ મીલકતને લગતા કોઈપણ વ્યવહાર કરવા કે કરાવવા નહી. જો કરશે તો તેની તમામ જવાબદારી જે તે વ્યક્તિ કે વ્યક્તિઓની રહેશે. જેની જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

**તા.૨૭/૦૮/૨૦૨૬**

**હમારા અસીલ મોરારભાઈ દયાળજી પટેલની સુચના મુજબ**
**સહી/-**
**મજકુર અસીલની સહી**

**સહી/-**
**વકીલશ્રી ટી.જે. કાઝી**
**(જી/૧૧૮૬/૨૦૨૦)**



**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર : ૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૦૫/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદીઃ-** તુંમડા અમ્રતભાઈ જાનુભાઈ, રહે. મોહના કાંવચાળી, કાંવચાળી ફ., તા.ધરમપુર, જી.વલસાડ

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોહનાકાંવચાળી, તા.ધરમપુર, જી.વલસાડ

**વિષયઃ-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **તુંમડા અમ્રતભાઈ જાનુભાઈ** રહે. મોહના કાંવચાળી, કાંવચાળી ફ. તા. ધરમપુર, જી.વલસાડના પુત્ર **લકી અમ્રતભાઈ તુંમડા**નો જન્મ તા.૩૧/૦૫/૨૦૧૯નાં રોજ મોહના કાંવચાળી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**



**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર : ૦૨૬૩૩- ૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૧૫/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદીઃ-** જાદવ સોમાભાઈ પંડ્યાભાઈ, રહે. નિશાળ ફ. તણછીયા, તા.ધરમપુર, જી.વલસાડ

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઃ-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગૃપ ગ્રામ પંચાયત, મોહપાડા, તા.ધરમપુર, જી.વલસાડ

**વિષયઃ-** જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/મરણની નોંધ ધરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **જાદવ સોમાભાઈ પંડ્યાભાઈ** રહે. નિશાળ ફ., તણછીયા, તા. ધરમપુર, જી.વલસાડના પુત્ર **રવિન્દ્રભાઈ સોમાભાઈ જાદવ**નો જન્મ તા.૦૭/૦૪/૨૦૧૦નાં રોજ તણછીયા ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી/-**
**એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**



**દમણગંગા ટાઇમ્સ**

**સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો**

**મુખ્ય કાર્યાલય**

**દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.**
**ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫**
ઈમેલ- editor.dgt@gmail.com


## બીલીમોરા પોલીસ મથકે રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૨૭ :** રક્ષાબંધન પર્વ નિમિત્તે બીલીમોરા વી.એસ. પટેલ કોલેજમાં અભ્યાસ કરતી તથા રાષ્ટ્રીય સેવા યોજના (NSS) સાથે જોડાયેલી દીકરીઓ દ્વારા બીલીમોરા પોલીસ મથકે અનોખી રીતે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજની દીકરીઓએ બીલીમોરા પોલીસ મથકના પીઆઈ કે એન સોલંકી સહિત પોલીસ જવાનોને રક્ષાસૂત્ર બાંધી તેમના દીર્ઘાયુ અને સુખી જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી. પોલીસ જવાનો દ્વારા પણ બહેનો ત્યેનો સ્નેહ વ્યક્ત કરતાં દરેક દીકરીને ભેટ આપી રક્ષાબંધન પર્વની ખુશીમાં સહભાગી બન્યા હતાં.

આ પ્રસંગે પોલીસ અને દીકરીઓ વચ્ચે ભાઈ-બહેનના સ્નેહ અને લાગણીસભર સંબંધનું સુંદર દૃશ્ય સર્જાયું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોગ્રામ ઓફિસર અજય મજેઠીયા તથા અરુણાબેન સોલંકીએ ભારે જહેમત ઉઠાવી હતી. રક્ષાબંધન પર્વે યોજાયેલા આ અનોખા કાર્યક્રમથી પોલીસ જવાનો અને NSS ની દીકરીઓ વચ્ચે આત્મીયતા અને ભાઈ-બહેનના સ્નેહનો સંદેશ પ્રસર્યો હતો.

## થ્રીડીમાં પ્રશાસકનો દાયકો : પ્રશાસન આપ કે દ્વાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૭ :** કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવમાં પ્રશાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વ હેઠળ વિકાસના ૧૦ ગૌરવશાળી વર્ષો પૂર્ણ થવાના પ્રસંગે, દાદરા અને નગર હવેલી જિલ્લા વહીવટીતંત્રે ખાસ શિબિરોનું આયોજન કર્યું હતું.

રાખોલી અને ખાનવેલ ગ્રામ પંચાયતોમાં પ્રશાસન તમારા દ્વારે સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિકારીઓ અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ હાજર રહ્યા હતાં. તેમના માર્ગદર્શન અને પ્રેરણાદાયી સંબોધનોમાં વિવિધ જન કલ્યાણકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી અને નાગરિકોને તેનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

શિબિર દરમિયાન નાગરિકો અને પાત્ર લાભાર્થીઓને અરજી ફોર્મ ભરીને નોંધણી કરાવવામાં આવી હતી. તેમને યોજનાઓનો મહત્તમ લાભ લેવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ શિબિરમાં આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, મફત આરોગ્ય તપાસ, મફત નવા વીજળી જોડાણ સુવિધા, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, આધાર નોંધણી સુવિધા, મામલતદાર કચેરીમાં પ્રમાણપત્ર સંબંધિત વિવિધ સેવાઓ, પ્રધાનમંત્રી જન ધન યોજના, પીએમ સૂર્ય ઘર, પીએમ સ્વનિધિ, વીબી-જીઆરએએમજી, લખપતિ દીદી પીએમ કિસાન સન્માન નિધિ અને અન્ય યોજનાઓ સહિત વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન અને સહાય પૂરી પાડવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને શિબિરને અત્યંત ઉપયોગી ગણાવી હતી. ગ્રામજનોએ વહીવટીતંત્રની જન કલ્યાણકારી પહેલની પ્રશંસા કરતા જણાવ્યું હતું કે આવા શિબિરો દ્વારા યોજનાઓ અને સેવાઓ વિશેની માહિતી તેમના ગામડાઓ સુધી પહોંચી રહી છે. સમય અને સંસાધનોની બચત થઈ રહી છે. સાથે સાથે પારદર્શિતા અને સમસ્યાના નિરાકરણમાં વિશ્વાસ પણ વધી રહ્યો છે. શિબિરમાં ૭૦૦ થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો હતો અને મોટાભાગની અરજીઓ પર પ્રક્રિયા કરવામાં આવી છે.

## અતુલના માજી ઉપસરપંચના ભ્રષ્ટાચારના પર્દાફાશ કરનારને ધમકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** અતુલ ગ્રામ પંચાયતમાં કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કરનાર જાગૃત નાગરિકને પૂર્વ ઉપસરપંચ દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ મળતાં વલસાડ રૂરલ પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવી પોલીસ રક્ષણની માંગ કરવામાં આવી છે.

અતુલ ગામના રહીશ જેન્યુલ આર. પટેલે વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં આપેલી અરજી અનુસાર, અતુલ ગ્રામ પંચાયતના પૂર્વ ઉપસરપંચ દર્શલ વિજયભાઈ દેસાઈના કાર્યકાળ દરમિયાન થયેલા વહીવટી અને નાણાકીય ભ્રષ્ટાચાર અંગે આરટીઆઈ દ્વારા માહિતી મેળવી હતી. આ માહિતીના આધારે સરપંચ વિક્રમભાઈ નાયકા અને ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારી સમક્ષ રજૂઆત કરી હતી.

તંત્ર દ્વારા હાથ ધરાયેલી તપાસમાં અંદાજે ૧.૦૯ કરોડ જેટલી નાણાકીય ગેરરીતિ સામે આવતાં દર્શલ દેસાઈ સામે વહીવટી પગલાં ભરી તેમને ઉપસરપંચ પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતાં. આ ઉપરાંત, તાલુકા વિકાસ અધિકારીદ્વારા પણ પંચાયતની ચૂકવણી સંદર્ભે અંદાજે ૧૧.૪૧ લાખની રકમ પરત ભરવાનો હુકમ કરવામાં આવ્યો હતો.

ભ્રષ્ટાચાર બહાર લાવવાની અદાવત રાખીને પૂર્વ ઉપસરપંચ દર્શલ દેસાઈ દ્વારા અરજદાર જેન્યુલ પટેલને સતત ધમકીઓ આપવામાં આવી રહી હોવાનો આક્ષેપ છે. જેમાં હાથ-પગ તોડી નાખવાની અને જાનથી મારી નાખવાની ધમકી અસામાજિક કે ગુંડા તત્વો મારફતે હુમલો કરાવવાની પેરવી વાહન દ્વારા અકસ્માત કરાવી જીવલેણ હુમલો કરાવવાના કથિત પ્રયાસો અરજદારે પોતાની અને પરિવારની સુરક્ષા સામે ગંભીર જોખમ હોવાનું જણાવી તાત્કાલિક એફઆઈઆર નોંધી કાયદેસરની કડક કાર્યવાહી કરવા તથા પોલીસ સુરક્ષા પૂરી પાડવા માંગણી કરી છે.

## મહારાષ્ટ્રથી સાપુતારા ફરવા આવેલા મિત્રોના ઝઘડામાં એકનું ચપ્પુ હુલાવાતા મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૭ :** ડાંગ જિલ્લાનાં પ્રખ્યાત ગિરિમથક સાપુતારા ખાતે ગઈકાલે મોડી રાત્રે હત્યાની એક ચકચારી ઘટના સામે આવી છે. સાપુતારાનાં મ્યુઝિયમ નજીક બેંક ઓફ બરોડા (BOB)નાં ATM પાસે મહારાષ્ટ્રમાંથી સહેલગાહ અર્થે આવેલા મિત્રો વચ્ચે જ બોલાચાલી થતાં એક યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભારે સસનાટી મચી જવા પામી છે. મળતી વિગતો અનુસાર, મહારાષ્ટ્રના નાશિક જિલ્લાનાં સુરગાણા તાલુકામાંથી છ જેટલા યુવક મિત્રો ગિરિમથક સાપુતારા ખાતે ફરવા માટે આવ્યા હતાં. જેમાં ચાર મિત્રો પહેલા આવ્યા હતાં અને ત્યારબાદ અન્ય બે મિત્રો પાછળથી જોડાયા હતાં. મોડી રાત્રે તમામ મિત્રો સાપુતારા ખાતે BOB ATM નજીક નાસ્તો કરવા બેઠા હતાં. આ દરમિયાન ગણેશોત્સવમાં ફાળો આપવા બાબતે તેમજ ગત વર્ષે ગણેશ વિસર્જન વેળાએ થયેલી જૂની તકરારને લઈને મિત્રો-મિત્રો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી. આ બોલાચાલી ઉગ્ર બનતા આવેશમાં આવેલા એક યુવકે ૨૭ વર્ષીય હેમંત વિલાસ સૂર્યવંશી નામના યુવક પર તીક્ષ્ણ હથિયાર વડે પેટના ભાગે ગંભીર ઘા ઝીંકી દીધા હતા.ઘટનાને પગલે લોહીલુહાણ થઈ ઢળી પડેલા હેમંત સૂર્યવંશીને તેના બે મિત્રો તાત્કાલિક મોટરસાયકલ પર વધુ સારવારનાં અર્થે મહારાષ્ટ્રના વની ખાતે આવેલી હોસ્પિટલમાં લઈ ગયા હતાં. જ્યાં સારવાર દરમિયાન ગંભીર ઈજા પામેલા હેમંત સૂર્યવંશીનું મોત નીપજ્યું હતું. આ લોહિયાળ ઘટનાની જાણ થતા જ સાપુતારા પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાયદેસરની તપાસ હાથ ધરી હતી. જેમાં ડાંગ એસ.પી. પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પી.આઈ. જે.કે. બારીયા અને તેમની ટીમે ત્વરિત કામગીરી કરી હત્યા કેસમાં સંડોવાયેલા મુખ્ય આરોપી કૃણાલ કિરણ પરદેશીને રાઉન્ડઅપ કરી લીધો છે. જ્યારે ઘટના સ્થળે હાજર અન્ય ૪ શંકાસ્પદ યુવકોની પણ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

## દમણની પાંચ ગ્રામ પંચાયતના નવા ભવનોનું લોકાર્પણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૨૭ :** દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશના વિકાસના ૧૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે દમણ જિલ્લામાં વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત કડૈયા, ભીમપોર, ડાભેલ, દમણવાડા અને પરિયારી ખાતે નવનિર્મિત ગ્રામ પંચાયત ભવનોનું સંબંધિત ગ્રામ પંચાયતોને ઔપચારિક રીતે હસ્તાંતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચો દ્વારા નવા ભવન ખાતે પૂજા વિધિ કરીને ગ્રામ પંચાયતના નવા કાર્યાલયના ઉપયોગની શરૂઆત કરવામાં આવી હતી.

નવા ગ્રામ પંચાયત ભવનોના કારણે ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પંચાયતના કર્મચારીઓ તેમજ સ્થાનિક નાગરિકોને વધુ સુવિધાયુક્ત અને સમર્પિત કાર્યસ્થળ મળશે. જેના પરિણામે ગ્રામ્ય સ્તરે જાહેર સેવાઓની કામગીરી વધુ અસરકારક અને ઝડપી બનશે.

આ ઉપરાંત દમણ જિલ્લાની તમામ ૧૬ ગ્રામ પંચાયતો હેઠળની શાળાઓ અને આંગણવાડીઓમાં તિથિ ભોજન તથા કેક કટિંગ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પંચાયતના કર્મચારીઓ અને સ્થાનિક લોકોની ભાગીદારી જોવા મળી હતી.

આ કાર્યક્રમો દ્વારા વહીવટીતંત્ર દ્વારા ગ્રામ્ય વિકાસ, પંચાયતી રાજ સંસ્થાઓને મજબૂત બનાવવા, ગ્રામ્ય માળખાકીય સુવિધાઓ સુધારવા અને નાગરિકોને વધુ સારી જાહેર સેવાઓ ઉપલબ્ધ કરાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

કેન્દ્રશાસિત પ્રદેશના વિકાસના ૧૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત આ કાર્યક્રમો વિકાસયાત્રાની સિદ્ધિઓને ઉજાગર કરવાની સાથે વધુ વિકસિત, સશક્ત અને નાગરિક કેન્દ્રિત યુટીના નિર્માણ તરફના સંકલ્પને પણ રેખાંકિત કરે છે.

## વલસાડમાં રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ બજારોમાં ભારે ભીડ ઉમટી




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ શહેરના એમ.જી. રોડ, ખત્રીવાડ, આઝાદ ચોક, શાકભાજી માર્કેટ વિસ્તાર તેમજ અંબા માતા મંદિર આસપાસના વિસ્તારોમાં બપોર પછીથી જ ખરીદી માટે લોકોની ભારે ભીડ જામી હતી. ખાસ કરીને પરંપરાગત રેશમી દોરા, ફેન્સી કુંદન-સ્ટોનવાળી રાખડીઓ, ચાંદીની રાખડીઓ તેમજ બાળકો માટે લાઈટવાળી અને કાર્ટૂન કેરેક્ટરવાળી રાખડીઓની જોરદાર ખરીદી થઈ હતી. મીઠાઈની દુકાનોમાં ભાઈનું મોં મીઠું કરાવવા માટે મીઠાઈની દુકાનો પર વિવિધ સ્વાદિષ્ટ મીઠાઈઓ અને ગિફ્ટ ખરીદવા ગ્રાહકોની લાંબી લાઈનો જોવા મળી હતી. સાડી અને રેડીમેડ કાપડ બજાર તહેવાર નિમિત્તે બહેનો અને પરિવારજનો માટે વસ્ત્રો ખરીદવા સાડી સેન્ટરો તેમજ કાપડની દુકાનોમાં પણ મોડી સાંજ સુધી ભારે ધસારો રહ્યો હતો. તહેવારની પૂર્વ સંધ્યાએ ખરીદીનો માહોલ જામતાં વેપારીઓમાં પણ સારો એવો ઉત્સાહ જોવા મળ્યો હતો. ભીડને કારણે શહેરના મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર વધતાં ટ્રાફિકની સ્થિતિ પણ સર્જાઈ હતી. સમગ્ર વલસાડ શહેરમાં રક્ષાબંધનના પર્વને આવકારવા માટે ઉત્સવપૂર્ણ વાતાવરણ છવાઈ ગયું છે.

## વાપી ટાઉનમાં ચોરીની વધતી ઘટનાઓથી લોકોમાં ભય

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૭ :** વાપી કચીગામ ગામ રોડ ઉપર આવેલી સિદ્ધિવિનાયક સોસાયટીના સ્નેહ એવન્યુ બિલ્ડિંગમાં માત્ર દશ દિવસના અંતરે વાહન ચોરી બાદ ફલેટમાં તાળા તોડી રોકડ સહિત કીમતી સામાનની ચોરી થતાં વિસ્તારમાં ચકચાર મચી છે. એક બાદ એક ચોરીની ઘટનાઓ બનતા વાપી ટાઉન વિસ્તારના રહીશોમાં ભય અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, ગત તા. ૩૧ જુલાઈ ૨૦૨૬ના રોજ વાપી કચ્છી ગામ રોડ ઉપર આવેલ સ્નેહ એવન્યુ બિલ્ડિંગ નીચે પાર્ક કરેલી એક્ટિવા મોપેડની ચોરી થઈ હતી. સવારે આશરે ૧૧ઃ૩૦ વાગ્યે કારમાં આવેલા શખ્સોએ ગણતરીની મિનિટોમાં એક્ટિવા ચોરી કરી ફરાર થઈ ગયા હતાં. સમગ્ર ઘટના બિલ્ડિંગમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે એનસી નોંધી તપાસ હાથ ધરી હતી.

આ ઘટનાના માત્ર દસ દિવસ બાદ જ આ જ બિલ્ડિંગના એક બંધ ફલેટને ચોરોએ નિશાન બનાવ્યો હતો. બપોરના આશરે ૧૨ઃ૩૦ વાગ્યાના અરસામાં ફલેટનું તાળું તોડી અંદર પ્રવેશેલા ચોરો આશરે રૂ.૫,૦૦૦ રોકડા તેમજ કેટલીક કીમતી ચીજવસ્તુઓ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. એક જ બિલ્ડિંગમાં ટૂંકા સમયગાળામાં વાહન ચોરી અને ફલેટમાં ઘરફોડ ચોરીની બે ઘટનાઓ બનતા રહેવાસીઓમાં સુરક્ષાને લઈને ચિંતા વધી છે.

બીજી તરફ ગત અઠવાડિયે વાપી દેસાઈવાડ વિસ્તારમા રસ્તે જતી એક વૃદ્ધ મહિલાને રોકી તેના શરીર પરથી આશરે ૧૨ તોલા સોનાના દાગીના ઉતરાવી લઈ જવાની ઘટના પણ સામે આવી હતી. આ ઉપરાંત છેલ્લા કેટલાક સમયથી વાપી ટાઉન વિસ્તારમાં ઘરફોડ ચોરી, વાહન ચોરી, વૃદ્ધ મહિલાઓના દાગીના ઉતરાવી જવા તેમજ મોબાઈલ સ્નેચિંગ જેવી ઘટનાઓને લઈને લોકોમાં અસુરક્ષાની લાગણી જોવા મળી રહી છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ, દિવસના સમયે પણ ચોરીની ઘટનાઓ બનતી હોવાથી હવે ઘરની બહાર નીકળતી વખતે તેમજ મકાન બંધ રાખતી વખતે ખાસ સાવચેતી રાખવાની ફરજ પડી રહી છે. વારંવાર બનતી આવી ઘટનાઓને પગલે વાપી ટાઉન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ સવાલો ઉઠી રહ્યા છે.

## ધરમપુર પાસે બાઈક સ્લીપ થતાં યુવકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૨૭ :** સુરગાણા તરફથી ધરમપુર આવી રહેલી બાઈક ગુંદિયા રોડ પર સ્લીપ થતાં ૩૦ વર્ષીય યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. અકસ્માતમાં બાઈક પર પાછળ બેઠેલા યુવકને પણ ઈજા થતાં સારવાર આપવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, નાસિક જિલ્લાના સુરગાણા તાલુકાના કહાંડોલપાડા ગામના યુવરાજ આનંદા ગાલટ તા.૧૦ ઓગસ્ટની રાત્રે પોતાના સંબંધી સોમનાથભાઈ પાંડુભાઈ દોડકા સાથે બાઈક પર ધરમપુર તાલુકાના તુતરખેડ ગામે સાસરીમાં જવા નીકળ્યા હતાં. દરમિયાન ખડકી ફાટક પહેલાં ગુંદિયા રોડ પર બાઈક સ્લીપ થતાં બંને રોડ પર પટકાયા હતાં. યુવરાજને માથા અને ખભાના ભાગે ગંભીર ઈજા થતાં ૧૦૮ મારફતે ધરમપુર સ્ટેટ હોસ્પિટલ, ત્યારબાદ વલસાડ સિવિલ અને સુરત નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતાં.

સારવાર દરમિયાન તા.૧૪ ઓગસ્ટે મોત થયું હતું. બનાવ અંગે તેમના સંબંધી રમેશ પાંડુ ગાલટે તા.૨૬ ઓગસ્ટે ધરમપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કપરાડા પોલીસે યુવકનો જીવ બચાવ્યો

**ધરમપુર, તા.૨૭ :** કપરાડા તાલુકાના ચાવશાળા ગામે એક યુવક વીજ ટ્રાન્સમિટરના થાંભલા પર ચઢી ગયો હોવાની જાણ થતાં કપરાડા પોલીસની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. ઘટનાની ગંભીરતા સમજી પોલીસે સૌપ્રથમ વીજ વિભાગનો સંપર્ક કરી વીજ લાઇન બંધ કરાવી હતી.

ત્યારબાદ પોલીસ કર્મચારીઓએ થાંભલા પર ચઢેલા યુવક સાથે શાંતિપૂર્વક વાતચીત કરી તેને સમજાવ્યો હતો. પોલીસની સમજાવટ બાદ યુવક સલામત રીતે નીચે ઉતર્યો હતો. નીચે ઉતાર્યા બાદ પોલીસે તેને જીવનમાં આવતી મુશ્કેલીઓમાં આવું જોખમી પગલું ન ભરવા સમજણ આપી હતી અને બાદમાં યુવકને તેના માતા-પિતાને સોંપ્યો હતો.

પોલીસની સમયસૂચકતા અને સમજદારીભરી કામગીરીથી મોટી દુર્ઘટના ટળી હતી અને યુવકનું જીવન બચાવવામાં સફળતા મળી હતી. આ કામગીરી પીઆઈ ડી.એન. વાંઝાના માર્ગદર્શન હેઠળ કપરાડા પોલીસ ટીમે કરી હતી.

## વાપીમાં જિલ્લા યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૨૭ : વલસાડ યોગાસન સ્પોર્ટ્સ એસોસિયેશન દ્વારા ૭મી વલસાડ જિલ્લા યોગાસન સ્પોર્ટ્સ ચેમ્પિયનશીપ ૨૦૨૬ નું આયોજન આર.એસ.જે.ઝુનઝુનવાલા ઈન્ટરનેશન સ્કુલ,વાપી માં યોજાઈ હતી ,વલસાડ જિલ્લાના દરેક તાલુકામાંથી મોટી સંખ્યામાં યોગાસન ખેલાડીઓએ ભાગ લઈ પોતાના યોગાસન નું પ્રદર્શન કર્યું. ગુજરાત યોગાસન સ્પોર્ટ્સ એસોસિયેશન ના પ્રમુખ ઉદીત શેઠ તેમજ સેક્રેટરી જનરલ ઉમંગ ડોન ના માર્ગદર્શન હેઠળ સ્પર્ધામાં આમંત્રિત મહેમાનો કેયુરભાઈ પટેલ, પ્રમુખ રણભૂમિ એકેડમી,સ્કૂલના આચાર્ય સુચિતા ચરી,ઓનિકલ હોમ અપ્લાયન્સના ઓનર નવીન જૈન, સેફ કોમ ટેક્નોલોજી ના ઓનર અસફાકભાઈ કાદરી, શારદા પ્રભા,મગોદ-વલસાડના ડિરેક્ટર વિવેક દેસાઈ, વલસાડ જિલ્લા યોગાસન સ્પોર્ટ્સ એસોસિયેશન કોઓર્ડિનેટર પૂનમબેન બોડાવાલા,જોઇન્ટ કોઓર્ડિનેટર નીલેશ કોસીયા દ્વારા દીપ પ્રગટાવી સ્પર્ધાની શરૂઆત કરી હતી, સ્પર્ધામાં અલગ અલગ વય જૂથ પ્રમાણે ટ્રેડિશનલ યોગાસન, કલાત્મક એકલ યોગાસન, કલાત્મક યુગલ યોગાસન, તાલાત્મક યુગલ,કલાત્મક સમૂહ અને તાલાત્મક સમૂહ યોગાસનમાં ખેલાડીઓએ પોતાનું કૌશલ્ય બતાવ્યું હતું, વિજેતા ખેલાડીઓને મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કર્યા હતા, વિજેતા ખેલાડીઓ હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે. આર. એસ. જે. ઝુનઝુનવાલા ઈન્ટરનેશનલ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી નિલેશ રાઠોડ દ્વારા આયોજકોને સ્પર્ધા સફળ કરવા અને સ્પર્ધકને વિજેતા થવા શુભેચ્છાઓ પાઠવી હતી,ટેક્નિકલ ઓફિશિયલ શીતલ ત્રિવેદી,સીમા ભુરત, સોશિયલ વર્કર વિપુલભાઈ આહિર તેમજ વલસાડ જિલ્લા એસોસિયેશનના ટેક્નિકલ ઓફિશિયલ તેમજ વોલેન્ટિયર અને સ્કૂલના સ્ટાફ દ્વારા સમગ્ર સ્પર્ધાને સફળ કરવા મહત્વનો ફાળો રહ્યો,અંતે સ્પર્ધા સફળ કરવા માટે સહયોગી સંસ્થા તેમજ ટેક્નિકલ સ્ટાફ તેમજ વોલેન્ટિયરનો નિલેશ કોસીયાએ આભાર વ્યક્ત કર્યો હતો.

## ઉમરસાડી માછીવાડમાં ફીશરમેન અવેરનેસ મીટીંગ મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૭ : તાલુકાના ઉમરસાડી માછીવાડ ગામમાં આવેલ લક્ષ્મી નારાયણ મંદિર ના હોલ સ્ટેટ આઈ.બી., પારડી પોલીસ સ્ટેશન તથા મરીન ટાસ્ક ફોર્સ દ્વારા ફીશરમેન અવેરનેસ મીટીંગ યોજવામાં આવી હતી પારડી પોલીસ સ્ટેશન, મરીન ટાસ્ક ફોર્સ અને સ્ટેટ આઈ.બી. દ્વારા ફીશરમેન વોચ ગ્રુપના સભ્યો, માછીમારો સાથે ફિશરમેન વોચ ગ્રુપની મીટીંગ રાખવામાં આવેલ હતી.જેમાં દરિયાકાંઠા વિસ્તારમાં કોઈ શંકાસ્પદ પેકેટો, શંકાસ્પદ બોટ કે વ્યક્તિ દેખાય તથા બહારના માછીમારો રહેવા માટે આવે તો તુરંત જ સ્થાનિક પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો, ઓનલાઇન ટોકન મેળવીને જ ફિશિંગમાં જવું તેમજ દરિયાઈ સુરક્ષા બાબતે વાકેફ કરવા માં આવ્યા હતા આ મિટિંગમાં કે.એમ.રાઠોડ એસ.આઈ.ઓ. વલસાડ સેન્ટર કે.એસ.હુરબડા આઈ.ઓ.વલસાડ કોસ્ટલ એજન્સી બિરારી આઈ.ઓ. ઉમરગામ કોસ્ટલ જે.એચ.શાહપોસઈ પારડી પોલીસ સ્ટેશન કે.સી.પટેલ પી.એસ.આઈ. મરીન ટાસ્ક ફોર્સ ખુશ્બુબેન ટંડેલ ઉમરસાડી સરપંચ સહિત ૮૦ જેટલા માછીમારો તથા ગ્રામજનો ઉપસ્થિત રહેલ હતા સ્વાગત પ્રવચન અને આભારવિધિ સરપંચ કરી હતી તથા દરિયાઈ સુરક્ષા વિશે માર્ગદર્શન પોલીસ ઇન્સ્પેક્ટર કે.એમ.રાઠોડ એ આપ્યો હતો.

## દમણની NIFT કોલેજમાં 'ઓણમ ઉત્સવ' ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૨૭ : દમણમાં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT) કોલેજમાં ઓણમની ઉજવણી ઉત્સાહ અને પરંપરાગત રંગોથી કરવામાં આવી હતી. પરંપરાગત મલયાલમ પોશાક પહેરેલા વિદ્યાર્થીઓએ કેરળની સંસ્કૃતિ અને પરંપરાઓનું પ્રદર્શન કર્યું હતું.

આ પ્રસંગે, NIFT ના ડિરેક્ટર ખુશાલ જાંગીડે, રાજા મહાબલીના પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને, વિદ્યાર્થીઓ સાથે કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પરંપરાગત કેરળ ભોજનનો પણ આનંદ માણ્યો હતો.

કોલેજ કેમ્પસ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પરંપરાગત પોશાકો સાથે ઉત્સવપૂર્ણ ઓણમ વાતાવરણથી ભરાઈ ગયું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને દેશની વિવિધ સંસ્કૃતિઓ અને પરંપરાઓનો પરિચય કરાવવામાં આવ્યો હતો, સાથે સાથે એકતા અને સાંસ્કૃતિક સંવાદિતાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

## કરંજવેરીમાં પુલ બિસ્માર : વિરવલમાં જ ભારે વાહનો અટકાવવા માંગ

**એક વર્ષથી માન નદીનો પુલ બિસ્માર : ગુગલ મેપના કારણે આંતરરાજ્ય ભારે વાહનો કરંજવેરી ફાટક સુધી પહોંચતા અકસ્માતનો ભય**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૨૭ : કરંજવેરી ગામની માન નદી પરનો પુલ છેલ્લા એક વર્ષથી બિસ્માર હાલતમાં હોવાથી મોટા અને ભારે વાહનો માટે અવરજવર બંધ કરવામાં આવી છે. કરંજવેરી બસ સ્ટેન્ડ અને માન નદી પાસે બેરીકેટ મૂકી ધરમપુર પોલીસ સ્ટેશન દ્વારા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે, જેને ગ્રામજનોએ સરાહનીય કામગીરી ગણાવી છે.

જોકે, વિરવલ થઈને આવતા આંતરરાજ્ય ટ્રાન્સપોર્ટના મોટા ભારે વાહનો ગુગલ મેપના આધારે કરંજવેરી ફાટક સુધી પહોંચી જાય છે. પુલ તરફનો રસ્તો બંધ હોવાથી વાહનચાલકોને પરત ફરવાની ફરજ પડે છે, જેના કારણે ટ્રાફિક સાથે અકસ્માતનો ભય પણ રહે છે. ભૂતકાળમાં ભારે વાહનોની અવરજવરથી કરંજવેરી ફાટક પાસે વન વિભાગની કુટીર પણ તૂટી ગઈ હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે. આ અંગે કરંજવેરી ગામના સરપંચ અનિતાબેન વિજયભાઈ પાડવી, ઉત્તમભાઈ ચવરા અને તરુણભાઈ પટેલ સહિત ગામના આગેવાનો દ્વારા તંત્રને વારંવાર રજૂઆતો કરવામાં આવી છે. છતાં સમસ્યાનો કાયમી ઉકેલ ન આવતા ગ્રામજનોએ ફરી રજૂઆત કરી છે.

ગ્રામજનોએ માંગ કરી છે કે વિરવલમાં જ બેરીકેટ મૂકી પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે અને ભારે વાહનોને કરંજવેરી તરફ આવતા અટકાવી ચાલુ વૈકલ્પિક રૂટ તરફ વાળવામાં આવે. મામલતદાર વિભાગ અને પોલીસ તંત્ર તાત્કાલિક સ્થળ નિરીક્ષણ કરી યોગ્ય વ્યવસ્થા કરે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

## વાપીની શ્રી.એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** લાયન્સ સ્કૂલ સેલવાસ દ્વારા આયોજિત ઈન્ટરસ્કૂલ વકૃત્વ સ્પર્ધા (સ્પીક ફેસ્ટ ૨૦૨૬) ૨૧મી ઑગસ્ટ ૨૦૨૬ ના રોજ આયોજિત કરવામાં આવી હતી.

શાળાના વિજેતા વિદ્યાર્થીઓ- ધોરણ૮ કુમારી અનન્યા રાય વકૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો. ધોરણ૧૦ માસ્ટર વિપુલ ઝા ડિબેટ કોમ્પિટિશનમાં પ્રિપ્ત કર્યો. ધોરણૅ૧૨ કુમારી અંશુ શર્મા ડિબેટ કોમ્પિટિશન અગેઈન મોશન માં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. ધોરણૅ૧૧ કુમારી કાજલ તિવારી ડિબેટ કોમ્પિટિશનમાં ફોર ધ મોશનમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો.

આ સફળતાથી ગર્વ અનુભવતા, સ્પર્ધાના બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીજી પોલ તથા સ્ટાફ વતી અભિનંદન અને આશીર્વાદ પાઠવવામાં આવે છે.

## વાપી મહિલા કલબનો ૨૦મો સ્થાપના દિન ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી મહિલા ક્લબે -મુખ સુમનલતા અગ્રવાલના નેતૃત્વમાં તેનો ૨૦મો સ્થાપના દિવસ ખૂબ જ ઉત્સાહથી ઉજવ્યો. આ પ્રસંગે હરિયાળી તીજ અને શિવ મિલન પર આધારિત એક સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો, જેમાં ક્લબના સભ્યો અને સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શિવ અને પાર્વતીના મિલનની મનમોહક રજૂઆત સહિત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોએ બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે ક્લબના સ્થાપક સભ્યોને યાદ કરતાં પ્રમુખ સુમનલતા અગ્રવાલે જણાવ્યું હતું કે ૨૦૦૬ માં અમારા સ્થાપક સભ્યો દ્વારા નાખવામાં આવેલા મજબૂત પાયા અને તેમના સમર્પણથી વાપી મહિલા ક્લબ તેની ભવ્ય સફરના ૨૦ વર્ષ પૂર્ણ કરી શક્યું છે.

તેમણે સેક્રેટરી રીના અગ્રવાલ, ખજાનચી મીનુ શ્રીવાસ્તવ, તમામ સ્થાપક સભ્યો અને તમામ ક્લબ સભ્યો અને સહભાગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે કાર્યક્રમમાં દરેકની ભાગીદારી અને સમર્થનથી આ કાર્યક્રમ ખાસ બન્યો. આ પ્રસંગે પ્રમુખ સુમનલતા અગ્રવાલે જણાવ્યું હતું કે વાપી મહિલા ક્લબ એકતા, સેવા, સંસ્કૃતિ અને મહિલા સશક્તિકરણની ભાવના સાથે સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં યોગદાન આપતું રહેશે.

## પારડીમાં ઈદ એ મિલાદની ઉજવણી થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૨૭ : કિલ્લાપારડી મૂકામે ઈદે મિલાદ ઉન નબીહઝરત મહંમદ પયગંબરના જન્મ દિવસ નિમિત્તે મુસ્લિમ સમાજના યુવાનો ની રીફાઈ કમીટી અને સુન્ની મુસ્લિમ જમાત તેમજ વોર્ડ નં-૩ ના પારડી નગરપાલિકા ના કાઉન્સિલર પરવેઝ અબ્દુલ કાદરભાઈ તાઈ દ્વારા યુનીટી હોલ કિલ્લા-પારડી મૂકામે ભોજન સંમારભ રાખવામાં આવ્યો હતો..આ સંમારભમાં કિલ્લા-પારડી નજીક સુખેશ ગામ સ્થિત નિરાધાર બાળકો ની સંસ્થા એવી નાનુભાઈ ફાઉન્ડેશન ના ૧૩૦ જેટલા બાળકો ને આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ આમંત્રણ ને સન્માન આપી આ બાળકો અહીં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ની શોભા વધારી હતી. આ કાર્યક્રમમાં પારડી શહેર કોંગ્રેસ પ્રમુખ કપિલભાઈ હળપતિ અને ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ ફૈઝલ ઈકબાલભાઈ મલેક તેમજ પ્રતિષ્ઠિત એડવોકેટ તેમજ ભાજપ અગ્રણી વિજયભાઈ શાહ, પારડી પોલીસ સ્ટેશન ના પી.આઈ વાય.બી ગોહિલ ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે કિલ્લા-પારડી શહેરની જામા મસ્જિદના ઈમામ ઉપસ્થિત રહી આજના આ પવિત્ર દિવસનું મહત્વ તેમજ સમાજ માં એકતા ભાઈચારો શાંતિ વિશે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

# વિશેષ વાંચન

## અખંડ સ્નેહની સૌરભ



***કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી***
***ભાઈની બેની લાડકીને ભઈલો ઝુલાવે ડાળખી***

નાનપણમાં સાંભળેલું આ લોકગીત માત્ર એક કાવ્ય નથી, પણ દરેક ભારતીય ઘરમાં ગુંજતી ભાઈ-બહેનના અમર પ્રેમની સંગીતમય કહાણી છે. સમયના વહેણ સાથે અનેક પરિસ્થિતિઓ બદલાય છે, ચહેરા પર કરચલીઓ પડે છે, જીવનમાં અનેક ઉતાર ચઢાવો આવે છે પણ આ એક એવો સંબંધ છે જે ઉંમરની સાથે વધુ મીઠો અને ગાઢ બનતો જાય છે. શ્રાવણી પૂનમનો આ રક્ષાબંધનનો તહેવાર માત્ર એક રેશમી દોરો બાંધવાનો દિવસ નથી, પરંતુ બે આત્માઓના અખંડ વિશ્વાસ અને સ્નેહનો ઉત્સવ છે.

બાળપણના એ સોનેરી દિવસો યાદ કરીએ તો ભાઈ-બહેનનો સંબંધ એક જ સમયે કટ્ટર દુશ્મનાવટ અને અસીમ પ્રેમનું અદ્ભુત મિશ્રણ હોય છે. એક જ રમકડા માટે થતી લડાઈ, મમ્મી-પપ્પા પાસે એકબીજાની ચાડી ખાવાની મજા, અને સાંજે પાછા એક થઈને રમત રમવી - આ બધી સ્મૃતિઓ જીવનભરનું ભાથું બની જાય છે. ટીવીના રીમોટ માટે ઝઘડતાં ભાઈ-બહેન બહારની દુનિયા સામે હંમેશા એકબીજાની ઢાલ બનીને ઊભા રહે છે. શાળાએથી સાથે પાછા ફરવું, ચોકલેટના અડધા ભાગ કરવા અને પોતાની ભૂલો છુપાવવા એકબીજાને લાંચ આપવી, આ નાની-નાની વાતોમાં જ નિર્દોષ પ્રેમનો પાયો નંખાય છે. બાળપણની એ નાની-નાની તકરારો અને સાંજ પડતાં જ એક થઈ જવાની નિર્દોષતા એ માત્ર રમતના નિયમો નહોતા, પણ એકબીજા માટે અપરંપાર સમર્પણ શીખવવાની એક અનોખી પાઠશાળા હતી. ઘરમાં રહેલી છેલ્લી ચોકલેટ માટે થતી ખેંચતાણથી લઈને પોતાની મનપસંદ વાનગી બીજા માટે છાનીમાની રાખી મૂકવાની આદત સુધી, ભાઈ-બહેનનો સંબંધ દરેક વળાંકે સ્નેહની નવી સુંદરતા પ્રગટ કરે છે.



**પ્રાસંગિક**
**કિંજલબેન પંડયા,**
**પારડી**

જેમ જેમ સમય વીતે છે, તેમ તેમ આ સંબંધ વધુ પરિપક્વ બને છે. બહેનના લગ્નનો દિવસ આવે ત્યારે આખા ઘરમાં સૌથી વધુ હરખાતો અને છાની છૂપીથી આંસુ સારતો કોઈ હોય તો તે ભાઈ છે. સાથે રમેલી બહેન જ્યારે વિદાય લે છે, ત્યારે ઘરનો એક ખૂણો કાયમ માટે શાંત થઈ જાય છે. પરંતુ સાસરે ગયા પછી પણ બહેન માટે તેનું પિયર એટલે ભાઈનો આધાર. હોસ્ટેલમાં રહેતા ભાઈને છુપાઈને મળવા જતી બહેન હોય કે બહેનના સુખ-દુ:ખની ચિંતા કરતો ભાઈ હોય, આ બંને વચ્ચેનું અંતર ગમે તેટલું હોય, હૃદયના તાર કાયમ જોડાયેલા રહે છે. જીવનની દોડધામમાં જ્યારે અણધાર્યા ઝંઝાવાતો આવે છે, ત્યારે લોહીની આ સગાઈ એક અદ્રશ્ય ઢાલ બનીને સાથે ઊભી રહે છે. બહેનની આંખનો એક ખૂણો ભીનો થાય તો ભાઈનો સમગ્ર સંસાર ડહોળાઈ જાય છે, અને ભાઈ પર કોઈ સંકટ આવે ત્યારે બહેનની પ્રાર્થનાઓ કાળને પણ પાછો વાળી દેવાની ક્ષમતા રાખે છે. આ સંબંધમાં ક્યારેય વ્યાપારી ગણતરીઓ નથી હોતી. રાખડીનો દોરો માત્ર એક પરંપરાગત સુતરનો તાર નથી, પણ એ બે હૃદય વચ્ચેનું એવું અતૂટ બંધન છે જેને સમય, ભૌતિક અંતર કે પરિસ્થિતિ ક્યારેય નબળું પાડી શકતા નથી.



માતા-પિતાની છત્રછાયા ઊઠી ગયા પછી આ સંબંધનું સાચું અને ભવ્ય સ્વરૂપ જોવા મળે છે. નાનો ભાઈ ઓચિંતો મોટો થઈને બાપની જવાબદારી ઉપાડી લે છે, અને બહેન ભાઈ માટે વાત્સલ્યસભર મા બની જાય છે. પરદેશમાં વસતો ભાઈ રક્ષાબંધનના દિવસે રાખડી પહોંચવામાં મોડું થાય તો બાળકની જેમ રડી પડે છે, અને બહેન ભાઈના ક્ષેમકુશળ માટે ઈશ્વર પાસે અહર્નિશ પ્રાર્થના કરે છે. આ પ્રેમનું કોઈ મોલ નથી, આ ઋણ ક્યારેય ચૂકવી શકાતું નથી. ઉંમર વધવાની સાથે જ્યારે જવાબદારીઓના બોજ વધે છે, ત્યારે પણ ભાઈ અને બહેન માટે એકબીજા સાથે વિતાવેલો થોડો સમય માનસિક શાંતિ અને તાજગી આપે છે. સાસરે ગયેલી બહેન જ્યારે પિયરના ઉંબરે પગ મૂકે છે, ત્યારે એ માત્ર પોતાના ઘરને જ નથી મળતી પણ પોતાના બાળપણને ફરીથી જીવી લે છે. ભાઈ પણ બહેનની હાજરીમાં પોતાના તમામ ચિંતા-ભાર ભૂલીને એ જ જૂનો નિર્દોષ ભાઈ બની જાય છે. સાચા અર્થમાં રક્ષાબંધનની સાર્થકતા ત્યારે જ છે જ્યારે સમાજનો પ્રત્યેક પુરુષ પોતાની બહેનની સાથે સાથે અન્ય સ્ત્રીઓ પ્રત્યે પણ સન્માન અને રક્ષણની ભાવના રાખે. દરેક માતા-પિતાએ પોતાના દીકરાને એ સંસ્કાર આપવા પડશે કે દુનિયાની દરેક સ્ત્રી કોઈકની બહેન કે દીકરી છે. જ્યારે આ વિચાર સમાજમાં રૂઢ થશે, ત્યારે જ દરેક બહેન નીડર બનીને જીવી શકશે.

જીવનના દરેક તબક્કે સાથ નિભાવતો આ પવિત્ર સંબંધ

આપણને શીખવે છે કે પ્રેમ આપવાથી વધે છે અને નિ:સ્વાર્થ ભાવે કરાયેલું સમર્પણ જ સાચા સુખનો આધાર છે.

આ પવિત્ર પર્વે આપણે સ્નેહનો દીપ પ્રગટાવીએ, મન, કર્મ અને વચનથી આ સંબંધનું જતન કરીએ અને ભાઈ-બહેનના આ નિર્મળ, નિ:સ્વાર્થ અને અખંડ પ્રેમને હૃદયપૂર્વક ઉજવીએ. સમય બદલાશે, પેઢીઓ બદલાશે, પરંતુ ભાઈ-બહેનના પ્રેમની આ સૌરભ યુગો-યુગ સુધી માનવ સમાજને હૂંફ અને પ્રેમનો સાચો અર્થ સમજાવતી રહેશે.

રક્ષાબંધન પર્વની આપ સૌને શુભેચ્છાઓ!

## રેશમની દોરીમાં બંધાયેલો અતૂટ વિશ્વાસ

**વ્હાલની આ બંધાણી છે,**
**તને અને મને બંનેને જોડતી આ રાખડી છે;**
**તારા અને મારા વચ્ચેના લોહીના સંબંધની અમૂલ્ય કડી છે.**
**હું તારી બહેન અને તું મારો ભાઈ,**
**બન્નેને જોડતી રેશમની આ પવિત્ર ડોરી છે.**

સનાતન સંસ્કૃતિ એટલી સમૃદ્ધ છે કે જીવનની દરેક ક્ષણ, દરેક સંબંધ અને દરેક લાગણીને તે એક વિશિષ્ટ અર્થ અને પવિત્રતા આપે છે. સંસ્કારોથી સમૃદ્ધ આ પરંપરા માનવીને માત્ર સંબંધોમાં બાંધતી નથી, પરંતુ દરેક સંબંધને અંતિમ શ્વાસ સુધી નિભાવવાની પ્રેરણા પણ આપે છે.

એક પરિવાર અનેક સંબંધોથી બંધાયેલો હોય છે. દરેક વ્યક્તિના વિચારો, સ્વભાવ અને વ્યવહાર ભલે અલગ હોય, છતાં પ્રેમ, વિશ્વાસ અને લાગણીના તાંતણે સૌ એકબીજા સાથે જોડાયેલા રહે છે. ભારતની માટીમાં જ પ્રેમ, શ્રદ્ધા, વિશ્વાસ અને સમર્પણના સંસ્કાર રોપાયેલા છે. કદાચ એટલા માટે જ આપણા દેશમાં દરેક દિવસ કોઈને કોઈ તહેવારની ખુશબૂ લઈને આવે છે. નાની-નાની ખુશીઓને પણ ઉત્સાહ અને ઉમંગથી ઉજવવાની આપણી પરંપરા છે. શ્રાવણ માસ આવે અને વાતાવરણમાં ભક્તિ તથા ઉત્સવનો રંગ છવાઈ જાય. આ પવિત્ર માસની પૂર્ણિમા એટલે રક્ષાબંધન—ભાઈ-બહેનના પ્રેમ, વિશ્વાસ અને રક્ષણના પવિત્ર બંધનનો દિવસ.

રક્ષાબંધન માત્ર કાંડા પર રાખડી બાંધવાનો તહેવાર નથી. આ તો બહેનના હૃદયમાંથી વહેતા અવિરત સ્નેહનું પ્રતીક છે. બહેન જ્યારે પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધે છે, ત્યારે તેની સાથે પોતાના પ્રેમ, આશીર્વાદ અને વિશ્વાસ પણ બાંધે છે. ભાઈ પણ માત્ર એક વચન આપતો નથી, પરંતુ બહેનના સુખ, સન્માન અને સુરક્ષાની જવાબદારી સ્વીકારે છે.



**પ્રાસંગિક**
**જયોતિ યુ. પંડયા**
**અતુલ**

બહેનના મનમાં એક અતૂટ વિશ્વાસ હોય છે—કંઈ પણ થાય, મારો ભાઈ મારી સાથે છે.ff આ એક વાક્યમાં ભાઈ-બહેનના સમગ્ર સંબંધની ઊંડાઈ સમાઈ જાય છે.

રક્ષાબંધનનો સૌથી સુંદર સંદેશ કદાચ એ છે કે સમાજમાં સ્ત્રી -ત્યેની દૃષ્ટિ પવિત્ર, સન્માનસભર અને નિર્મળ હોવી જોઈએ. દરેક સ્ત્રીને કોઈની બહેન, દીકરી કે માતા તરીકે જ જોવી જરૂરી નથી; પરંતુ એક સ્વતંત્ર માનવી તરીકે તેનું સન્માન કરવું એ પણ એટલું જ મહત્વનું છે. તેમ છતાં, રક્ષાબંધન આપણને સંબંધોની પવિત્રતા અને સ્ત્રી પ્રત્યેના સન્માનનો અત્યંત સુંદર સંદેશ આપે છે.આજે ઘણી વાર આ પવિત્ર ભાવના માત્ર કુટુંબ પૂરતી સીમિત થઈ ગઈ હોય એવું લાગે છે. પરંતુ રક્ષાબંધનનો મૂળ સંદેશ ઘણો વિશાળ છે—રક્ષણ માત્ર શરીરનું નહીં, પરંતુ સન્માનનું, સ્વાભિમાનનું, વિશ્વાસનું અને સંબંધોની પવિત્રતાનું પણ.

બહેન જ્યારે ભાઈના લલાટ પર તિલક કરે છે, ત્યારે તે માત્ર એક ધાર્મિક વિધિ કરતી નથી. આ તિલકને આપણે આંતરિક જાગૃતિનું પ્રતીક પણ માની શકીએ. જેમ ભગવાન શંકરે ત્રીજું નેત્ર ખોલીને કામદેવને ભસ્મ કર્યો હતો, તેમ બહેન પોતાના ભાઈના કપાળ પર તિલક કરીને જાણે તેના અંતરમાં રહેલા કુવિચારો, દ્વેષ, અહંકાર અને વિકારોને ભસ્મ કરી સદ્વિચારનું નેત્ર ખોલવાની પ્રાર્થના કરે છે. એટલે જ રાખડી માત્ર રેશમનો તાંતણો નથી. તે બહેનના સ્નેહ, પ્રેમ, લાગણી, આશીર્વાદ અને વિશ્વાસથી બનેલો એક અદશ્ય તાંતણો છે. કાંડા પર બંધાતી આ નાનકડી ડોરી ઘણી વખત આખા જીવનનો સૌથી મોટો આધાર બની જાય છે. ભારતીય પરંપરામાં રક્ષાબંધન સાથે અનેક પૌરાણિક પ્રસંગો પણ જોડાયેલા છે. કહેવાય છે કે જ્યારે દેવરાજ ઈન્દ્ર દાનવો સામે પરાજિત થઈ રહ્યા હતા, ત્યારે ઈન્દ્રાણી દ્વારા રક્ષાસૂત્ર બાંધી રક્ષાબંધનનું વ્રત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઈન્દ્રને



વિજય પ્રાપ્ત થયો. આ પ્રસંગ રક્ષાસૂત્રની શક્તિ અને વિશ્વાસનું પ્રતીક માનવામાં આવે છે. મહાભારતના પ્રસંગોમાં પણ રક્ષણ અને સ્નેહના અનેક ઉદાહરણો જોવા મળે છે. લોકપરંપરામાં કુંતાએ અભિમન્યુને રાખડી બાંધી તેના રક્ષણની કામના કરી હોવાની ભાવસભર કથા ગવાય છે—કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે, દીકરા દુશ્મન ડરશે દેખી તારી આંખડી રે, મારા બાલુડા, ઓ બાળ, તારા પિતા ગયા પાતાળ, હારે મામો શ્રીગોપાળ, કરવા કૌરવકુળ સંહાર. આ પંક્તિઓમાં એક માતાનું મમત્વ, એક બહેનનો પ્રેમ અને રક્ષણ માટેની પ્રાર્થનાની ભાવના એકસાથે ઝીલાયેલી છે. રાખડી એટલે માત્ર રક્ષણનું વચન નહીં, પરંતુ અતૂટ વિશ્વાસનું કવચ. જ્યારે આ વિશ્વાસ રેશમની ડોરીમાં પરોવાઈને ભાઈના કાંડા પર બંધાય છે, ત્યારે તે એક સામાન્ય દોરામાંથી ભાવનાત્મક રક્ષાકવચ બની જાય છે.

આપણી સંસ્કૃતિમાં રક્ષાબંધનને 'બળેવ' સાથે પણ જોડવામાં આવે છે. 'બળેવ' એટલે બળ અને બલિદાનની ભાવનાને વ્યક્ત કરતો પવિત્ર દિવસ. આ દિવસે સાગર ખેડુઓ દ્વારા નારિયેળ પધરાવી સાગરનું પૂજન કરવામાં આવે છે અને પ્રકૃતિ તથા સાગર પાસેથી રક્ષણની પ્રાર્થના કરવામાં આવે છે. તેથી તેને નારિયેળી પૂનમ તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ રીતે જોવામાં આવે તો રક્ષાબંધનનો વિસ્તાર માત્ર ભાઈ-બહેનના સંબંધ પૂરતો નથી. તેમાં પ્રકૃતિ પ્રત્યેનો આદર, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, સંબંધો પ્રત્યેની નિષ્ઠા અને જીવન પ્રત્યેની જવાબદારી—આ બધું સમાયેલું છે.

રાખડીનો એક છેડો બહેનના હાથમાં હોય છે અને બીજો છેડો ભાઈના હૃદય સુધી પહોંચે છે. તે કાંડા પર બંધાય છે, પરંતુ તેનું બંધન હૃદય સાથે હોય છે. ત્યાં સંસ્કાર જીવંત રહે છે.

જે ઘર પોતાની દીકરીને પ્રેમ, માન અને સુરક્ષા આપે છે, ત્યાં ઈશ્વરની કૃપા વસે છે. સંબંધોને સાચવવા માટે માત્ર તહેવાર પૂરતો નથી; રોજિંદા જીવનમાં પ્રેમ, વિશ્વાસ અને જવાબદારીથી તેમને જીવવા પડે છે. આથી આવો, આ રક્ષાબંધને આપણે માત્ર રાખડી ન બાંધીએ, પરંતુ એકબીજાના હૃદયમાં વિશ્વાસ બાંધીએ. માત્ર રક્ષણનું વચન ન આપીએ, પરંતુ સન્માન, સહકાર અને સ્નેહનું પણ વચન આપીએ.

વિશ્વાસનું બંધન એટલે રાખડી.
પ્રેમનું પ્રતીક એટલે રાખડી.
લાગણીનો તાંતણો એટલે રાખડી.
રક્ષણનું વચન એટલે રાખડી.
અને ભાઈ-બહેનના અતૂટ સંબંધની જીવંત અનુભૂતિ એટલે—રાખડી.

## વટાર હાઈ.માં સાયન્સ ફેર યોજાયો




સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી


એસ.એસ.બી.ડી. દેસાઈ હાઈસ્કૂલ, વટાર ખાતે ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે સાયન્સ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા તથા પ્રયોગાત્મક જ્ઞાનનો વિકાસ થાય તે હેતુથી વિવિધ વિજ્ઞાન આધારિત પ્રોજેક્ટ અને મોડેલ રજૂ કરવામાં આવ્યા હતા. આ સાયન્સ ફેરમાં વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી કુલ ૪૦ જેટલી વિવિધ વિજ્ઞાન આધારિત કૃતિઓ અને મોડેલ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાની કૃતિઓ રજૂ કરી તેના કાર્ય, ઉપયોગિતા અને વૈજ્ઞાનિક સિદ્ધાંતો વિશે સમજણ આપી હતી. આ સાયન્સ ફેરમાં વટારની પ્રાથમિક શાળાના આચાર્ય ગણેશભાઈ ટંડેલ તેમજ પ્રાથમિક શાળાના શિક્ષિકા બહેનોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ નિહાળ્યા અને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

શાળાના આચાર્ય ડૉ. નિખિલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સાયન્સ ફેરનું સમગ્ર આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું. શિક્ષિકાઓ અર્પિતાબહેન અને રીટાબેન દ્વારા સાયન્સ ફેરનું સુંદર સંચાલન કરવામાં આવ્યું હતું. તેમના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ તૈયાર કરી સફળતાપૂર્વક રજૂ કરી હતી.આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી, સર્જનાત્મકતા, નવીન વિચારો તથા પ્રયોગ દ્વારા શીખવાની ભાવનાને પ્રોત્સાહન મળ્યું હતું. સાયન્સ ફેરને સફળ બનાવવા બદલ શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત મહાનુભાવો, શિક્ષકગણ તથા તમામ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સોંઢલવાડાની અશ્વમેઘ વિદ્યાલયમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું





સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી


પારડી તાલુકાના સોંડલ વાડા ગામમાં આવેલ અશ્વમેઘ વિદ્યાલય ખાતે ભવ્ય ગણિત અને વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો તરફથી ખૂબ જ ઉત્સાહભેર પ્રતિસાદ મળ્યો હતો.

આ કાર્યક્રમમાં ધોરણ ૯ થી ૧૧ના વિદ્યાર્થીઓએ અંદાજે ૧૪૦ જેટલા વિવિધ ગણિત અને વિજ્ઞાનના પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. તેમજ ધોરણ ૧ થી ૪ના નાનાં ભૂલકાંઓએ અંદાજે ૩૦૦ જેટલા સુંદર અને આકર્ષક મોડેલ્સ તૈયાર કરીને પોતાની સર્જનાત્મકતા અને પ્રતિભાનું ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રોજેક્ટ્સ જ્ઞાનવર્ધક, નવીન અને દૈનિક જીવન સાથે જોડાયેલા હતા આ કાર્યક્રમમાં મોટિવેટર તથા એન. કે. દેસાઈ સાયન્સ કોલેજના ડાયરેક્ટર દીપેશભાઈ શાહ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાના મેનેજિંગ ડાયરેક્ટર હર્ષદભાઈ પટેલ, કેમ્પસ ડાયરેક્ટર મનોજભાઈ પટેલ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્ય તથા પ્રાથમિક વિભાગના આચાર્યા મેડમ સહિત તમામ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પસ ડાયરેક્ટર મનોજભાઈ પટેલ અને મેનેજીંગ ડાયરેકટર હર્ષદભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. વિદ્યાર્થીઓના આ સુંદર અને જ્ઞાનસભર પ્રોજેક્ટ્સને નિહાળવા માટે શાળાના બાળકો અને વાલીઓ ખૂબ જ ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા વિવિધ ગણિત અને વિજ્ઞાનના મોડેલ્સ તથા પ્રોજેક્ટ્સને રસપૂર્વક નિહાળ્યા હતા આ પ્રદર્શનમાં રજૂ થયેલા શ્રેષ્ઠ પ્રોજેક્ટ્સની પસંદગી કરીને તેમને આગળ તાલુકા કક્ષાના પ્રદર્શન માટે મોકલવામાં આવશે.

## જીટીયુમાં વિદ્યાર્થી વિજ્ઞાન મંથનમાં મનસુખ નારિયાએ પ્રેઝન્ટેશન કર્યુ





સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી


ભારતીય વિજ્ઞાનનું ગૌરવ કરતી સંસ્થા વિજ્ઞાન ભારતી દ્વારા દર વર્ષે ભારતની સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ સ્પર્ધા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન સ્સ્પ દેશભરમાં યોજાય છે. જેમાં ગુજરાતના દર વર્ષે ધોરણ ૬ થી ૧૧ના દસ હજાર વિદ્યાર્થીઓ ભાગ લે છે. ગુજરાતમાં વિજ્ઞાન ગુર્જરી અંતર્ગત આ પ્રવૃત્તિના સ્ટેટ કોઓર્ડીનેટર પ્રિ. મનસુખ નારિયાએ VVM પ્રવૃત્તિને વધુ અસરકારક બનાવવાના હેતુથી GTU અમદાવાદ ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના સેમિનારમાં પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમાં મુખ્ય અતિથી તરીકે નાગપુરથી નરેશ ચાફેકર (નેશનલ કોઓર્ડીનેટર ) VVM રજીસ્ટ્રેશન અંગે માહિતી આપી હતી. વિજ્ઞાન ગુર્જરીના જીગ્નેશભાઈ બોરીસાગર .કમલેશ લીમ્બાચીયા અતુલ વ્યાસ તથા ગુજરાતના ૨૮ ડિસ્ટ્રિક્ટ કોર્ડીનેટર મિત્રોએ પોતાના જિલ્લામાં યોજેલ VVM પ્રવૃત્તિઓનો રિપોર્ટ આપ્યો હતો.

GTU યુનિવર્સિટીના વોઈસ ચાન્સેલર વૈભવભાઈ ભટ્ટે સહયોગ કર્યો હતો કાર્યક્રમનું સંકલન વિજ્ઞાન ગુર્જરીના આર્જવભાઈ તથા દર્શનભાઈ મહેતાએ કર્યું હતું

## જૂનાગઢના શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રમાં નેશનલ સ્પેસ ડે ઉજવાયો




સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી


ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત શ્રી બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્દષ્ટિકોણ વિકસે અને વિજ્ઞાન તથા ટેક્નોલોજી પ્રત્યે રસ વધે તે માટે વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારતના અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રની સિદ્ધિઓને ઉજાગર કરવા તેમજ વિદ્યાર્થીઓમાં અવકાશ વિજ્ઞાન પ્રત્યે રસ, જિજ્ઞાસા અને વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે હેતુથી નેશનલ સ્પેસ ડે નિમિત્તે લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ ખાતે સ્પેસ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખાતે યોજાયેલા કાર્યક્રમ દરમિયાન શ્રી તુષારભાઈ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાન, ભારતના અવકાશ કાર્યક્રમ, વિવિધ સ્પેસ મિશન, સ્પેસ ટેક્નોલોજી તેમજ ભવિષ્યની અવકાશ સંભાવનાઓ અંગે રસપ્રદ અને માહિતીસભર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. પ્રથમ તબક્કામાં પ્રિલિમિનરી MCQ રાઉન્ડ યોજાયો હતો,આ રાઉન્ડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ૪ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. ત્યારબાદ પસંદ થયેલા વિદ્યાર્થીઓ વચ્ચે PPT આધારિત ફાઈનલ ક્વિઝ રાઉન્ડ યોજાયો હતો. ફાઈનલ રાઉન્ડમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને અવકાશ વિજ્ઞાન અંગેના પોતાના જ્ઞાનનું પ્રદર્શન કર્યું હતું. ક્વિઝનું સમગ્ર સંચાલન શ્રી પ્રતાપસિંહ ઓરા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમની રસપ્રદ અને સંવાદાત્મક શૈલીના સંચાલનથી ક્વિઝ દરમિયાન વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને જિજ્ઞાસાનું વાતાવરણ જોવા મળ્યું હતું.સ્પર્ધાના ક્વિઝના નિર્ણાયક તરીકે ડો.એસ.આર.ગજેરા ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા ત્રણેય વિદ્યાર્થીઓને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ સાયન્સ સિટી, અમદાવાદની પરિવાર સાથે નિઃશુલ્ક મુલાકાત માટે ફેમિલી વાઉચર એનાયત કરવામાં આવ્યા હતા તથા પ્રમાણપત્ર અને મેડલો એનાયત કરાયા હતા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રમાણપત્રો દ્વારા વિદ્યાર્થીઓની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. શ્રધ્ધાબેન કચોટ તથા રીનાબેન મકવાણા દ્વારા પ્રોગ્રામ સફળ બનાવવા જેહમત ઉઠાવી હતી.

## ખગોળમાં કેટલાં ભારતીય નામોની હાજરી?




**પૃ**થ્વીથી બહાર અવકાશમાં ચંદ્ર પરના વિવિધ ક્રેટરો અને સ્થાનોને ભારતીય વૈજ્ઞાનિકોના કે ભારતના ગૌરવ સાથે સંકળાયેલી બાબતે નામ અપાયા હોવાની વાત જાણીએ એટલે સ્વભાવિક રીતે ઘણાને જીજ્ઞાસા જાગે કે શું આપણા સૂર્યમંડળ અને બ્રહ્માંડમાં અન્યત્ર પણ ખગોળીય પિંડોને ભારતીય નામો અપાયેલા હશે ખરાં ? આમ તો જયાં સુધી ખગોળ અને આકાશદર્શનને સંબંધ છે ત્યા સુધી પ્રાચીન ભારતના જયોતિષ અને ખગોળગણિતની રીતે નવ ગ્રહો, ૨૭ નક્ષત્રો, વિવિધ તારાઓ અને તારામંડળોના ખુબ જ રસપ્રદ વિગતો તથા કથાઓ સાથે સંબંધિત નામો સંસ્કૃતમાં જ નહીં અન્ય ભાષાઓ અને ગુજરાતીમાં પણ ઉપલબ્ધ છે જ. ગુજરાતના ખગોળસાહિત્યમાં સ્વ. છોટુભાઈ સુથાર, પ્રા. હરિહરભાઈ ભટ્ટ વગેરેએ ખગોળશાસ્ત્ર અને આકાશદર્શન સંબંધી પરિભાષા ગઢવામાં મોટું યોગદાન આપ્યું છે. કાકાસાહેબ કાલેલકર, જયમલ્લ પરમાર જેવાએ પણ ‘ગગનના ગોખે’માં આકાશદર્શન અંગે ગુજરાતને પરિચય કરાવતાં વર્ણનો અનેક કથાઓ વર્ણવી છે. હાલમાં દિગ્ગજ સાહિત્યકાર શ્રી ધ્રુવ ભટ્ટે ‘અંતરિક્ષના આગિયા’ પુસ્તકમાં એનો પરિચય કરાવ્યો છે. જેમાં આકાશમાં ચમકતાં તારાઓના, નક્ષત્રો અને રાશિઓના નામોથી આપણે વાકેફ થઈ શકીએ છીએ. પરંતુ આધુનિક સમયમાં જોઈએ તો ખગોળવિજ્ઞાનમાં ઈ.સ. ૧૯૧૯માં સ્થપાયેલા ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયન (આઈએયુ) દ્વારા ઈ.સ. ૧૯૩૦માં સમગ્ર વિશ્વમાં ખગોળ સંશોધન અને એની રજુઆતમાં સમાનતા જળવાઈ રહે એ માટે વિશ્વની જુદી જુદી સમાજ- સંસ્કૃતિઓમાં કે પ્રાચીન સંશોધકો દ્વારા અપાયેલા ખગોળીયપિંડોના નામો નહીં પરંતુ સર્વમાન્ય નામો નવેસરથી આપવામાં આવે છે. અન્ય કોઈ અન્ય નામો હવે આપી શકે નહીં.

૧૩.૫ અબજ વર્ષ પહેલાં બિગબેંગ થકી સર્જાયેલા મનાતા અફાટ બ્રહ્માંડમાં પણ ભારતીય નામો એના નકશામાં પોતાનું નામ અને સ્થાન ધરાવે છે. ઈ.સ. ૨૦૧૭માં પુનાની આયુકા અને અન્ય સંસ્થાના ખગોળ વૈજ્ઞાનિકોએ જોયદિપ બાગચીના નેતૃત્વમાં ભારતને ગૌરવ અપાવે એવી મહત્વપૂર્ણ શોધ કરી હતી. તેમણે મીન રાશિની દિશામાં ૪ અબજ પ્રકાશ વર્ષ દૂર બ્રહ્માંડમાં મળી આવેલા સૌથી વિશાળ આકાશગંગા સમુહની શોધ કરી હતી. એ ૬૦૦થી ૬૫૦ લાખ પ્રકાશવર્ષ લાંબો સમુહ અને ૨૦૨ લાખ અબજ સૂર્યના વજન જેટલું તોતીંગ દ્રવ્યમાન ધરાવતો હતો જેમાં મુખ્ય ૪૩ આકાશગંગા સમુહો હતાં એટલે કે અબજો તારાઓના વિશાળ નગરો હતાં. એને આપણે ત્યાં જ્ઞાન, સંગીતની દેવી અને વૈદિકકાળની નદી સરસ્વતીના નામે ‘સરસ્વતી સુપર કલસ્ટર’ નામ અપાયું હતું. એ રીતે આપણાં ગુજરાતની આણંદની યુવા મહિલા એસ્ટ્રોફિઝીસ્ટ એકતા શાહે એના અમેરિકામાં અભ્યાસ દરમ્યાન બ્રહ્માંડની બાલ્યાવસ્થાના સમયના ૬ ગેલેકસી સમુહો શોધ્યા હતાં. તેમણે આ આકાશગંગા સમુહોને આપણી ૬ કર્મેન્દ્રિયો અનુક્રમે દૃષ્ટી, શ્રવણ, સુરભી, રુચિ, સ્પર્શ અને સ્મૃતિ નામ આપ્યા હતાં. હવે એ સમુહો આ નામે વૈજ્ઞાનિક સમુદાયમાં ઉલ્લેખીત થાય છે. એ રીતે પુનાની નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝીકસની પી.એચ.ડી.ની. વિદ્યાર્થીની રાશિ જૈને તેમના માર્ગદર્શક પ્રો. યોગેશ વાડારેકરના માર્ગદર્શનમાં બિગબેંગ પછી માત્ર ૧.૫ અબજ વર્ષ બાદ રચાઈ હોય એવી પણ વૈજ્ઞાનિકોની અપેક્ષાથી વિપરિત સુવ્યવસ્થિત અને વિકસિત સર્પાકાર આકાશગંગાની શોધ કરી હતી. એક હજાર પ્રકાશ વર્ષમાં ફેલાયેલી આ આકાશગંગાને તેમણે આપણી ગંગા નદી જેનું બીજુ નામ મંદાકીની પણ છે એની બહેન જેવી ઉત્તરાખંડની અલકનંદા નદીના નામે ‘અલકનંદા’ નામ આપ્યું છે. આવું એક મહત્વનું સંશોધન જાપાનમાં રહી સંશોધન કરતા મૂળ મણીપુરના ખગોળ ભૌતિકશાસ્ત્રી ડો. રોનાલ્ડો લૈશરામની આગેવાનીમાં આપણાંથી લગભગ ૧૨.૬ અબજ પ્રકાશવર્ષ દૂર ૪ વિશાળ પ્રાચીન આકાશગંગા સમુહ શોધ્યા. જેને તેમણે મણીપુરના વનસ્પતિઓના તરતા ટાપુ જેવું વૈવિધ્ય વિખ્યાત લોકટક તળાવના નામે ‘લોકટક પ્રોટોકલસ્ટર’ નામ આપ્યું છે.

બ્રહ્માંડમાં અનેક આકાશગંગાઓ પૈકીની એક આપણી આકાશગંગા મંદાકીની લગભગ ૫૦૦ અબજ તારાઓ ધરાવે છે. એ તારાઓ પૈકીનો એક તારો ભારતના પ્રથમ આધુનિક મહિલા ખગોળશાસ્ત્રી વિભા ચૌધરીના નામે પણ ચમકે છે. જયારે આઈએયુની સ્થાપનાને ૧૦૦ વર્ષ થયા ત્યારે તેણે સૂર્ય સિવાયના તારા અને એના બાહ્યાવકાશી ગ્રહોના નામો રાખવાની સ્પર્ધા યોજી ત્યારે ભારતને ષંડશ (સેકસ્ટન્સ) તારામંડળમાં ૩૧૧ પ્રકાશવર્ષ દુર આવેલા અને સૂર્ય કરતાં ૧.૫૫ ગણાં મોટા તથા ૧.૭૫ ગણાં તેજસ્વી તારા એચ.ડી.-૮૬૦૮૧ અને એના ગ્રહને નામ આપવાનું આવ્યુ ત્યારે સુરતની




સાયન્સ કોર્નર
- વિકાસ ઉપાધ્યાય


એસ.વી. એન.આઈ.ટી.ના વિદ્યાર્થી અનન્યો ભટ્ટાચાર્યે આ તારાનું નામ સબ એટોમિક પાર્ટીકલ્સના ક્ષેત્રમાં નોબેલની કક્ષાનું સંશોધન ગણાય એવું સંશોધન કરનારા વિભા ચૌધરીનું નામ સુચવ્યું હતું. જયારે પુનાના માત્ર ૧૩ વર્ષની વયના વિદ્યાર્થી વિદ્યા સાગરે એ તારાની ફરતે પ્રદક્ષિણા કરી રહેલા બાહ્યાવકાશી ગ્રહને ‘સાંતામાસા’ નામ આપ્યું હતું. આમ તો હંસ તારામંડળમાં આવેલા હંસપુચ્છ (ડેનેબ) નામના તારાને ‘ગાંધી તારો’ નામ આપવાની પણ માંગ થઈ હતી. જો કે એને સ્વીકારાઈ ન હતી. આકાશમાં ધનુ રાશિના ગામા સેજેટરી નામના તારાને સંસ્કૃત નામ ‘ધનુશરાગ્ર’ તો ૪૧ - એરિટીસને ‘ભરણી’ નામ અપાયું છે.

આઈએયુ દ્વારા અપાયા હોય એવા આપણાં સૂર્યમંડળમાં પણ ગ્રહો, ઉપગ્રહો, લઘુગ્રહો, ધમુકેતુઓ વગેરેનું નામકરણ થતું હોય છે. ચંદ્ર પરના ક્રેટરો વગેરના ભારતીય નામો અંગે આપણે જોયું હતું. એ રીતે સૂર્યથી સૌથી નજીકના બુધના ગ્રહ પર ૧૧ જેટલાં ક્રેટરોને ભારતીય નામો અપાયાં છે. બુધના ગ્રહ પર આવેલા સ્થાનોને આઈએયુ દ્વારા દિવંગત કલાકારો, લેખકો, સંગીતકારો વગેરેના નામો અપાય છે એ રીતે ત્યાં ભારતના કાલિદાસ, તાનસેન, ટાગોર, ત્યાગરાજ, અમૃતા શેરગીલ, અશ્વઘોષા જેવા નામો ક્રેટરોને અપાયા છે. તો સંધ્યાઆકાશમાં સૌથી વધુ તેજથી પ્રકાશતાં શુક્રના ગ્રહ પર પણ ક્રેટરો, પહાડો આવેલાં છે. એમને વિશ્વમાં જાણીતી મહિલાઓના નામ આપવાનું ચલણ છે એમાં ભારતના પ્રથમ મહિલા તબીબ ડો. આનંદીબાઈ જોશીના નામે ‘જોશી’ નામનો ક્રેટર છે તો પંડિત રમાબાઈ માધવીના નામે ‘માધવી’ તથા પ્રથમ મહિલા ફિઝીશિયન ડો. જેરુશા ઝેરડના નામે ‘ઝેરડ’ નામના ક્રેટરો છે. આપણે જેને ભવિષ્યમાં બીજું ઘર બનાવવા માંગીએ છીએ એ મંગળના ગ્રહ પર તો સૌથી વધુ યાનો આપણે મોકલી અને ઉતારી એનો ગહન અભ્યાસ કરીએ છીએ. ત્યાં ઈ.સ. ૨૦૧૪ માં આપણું મંગળયાન-૧ પણ પહોચ્યું હતું અને પ્રથમ પ્રયાસે જ એની ભ્રમણકક્ષામાં સફળતાથી ગોઠવાઈને વિશ્વ વિક્રમ કર્યો હતો. આ મંગળના ગ્રહ પર પણ અનેક ભારતીય વિજ્ઞાનીઓ અને સંશોધકોના નામે સ્થળોને ઈન્ટર નેશનલ એસ્ટ્રોનોમીકલ યુનિયને સ્થાન આપ્યા છે. ઈ.સ. ૧૯૫૧માં મંગળ પર જે ૭ નામો અપાયા એમાં ઈન્ડિયન જીઓલોજીક સર્વેના પ્રથમ ડાયરેકટર અને ભુસ્તરશાસ્ત્રી ડો. એમ. એસ. કૃષ્ણનના નામે ૭૭ કિ.મી. વ્યાસના અને ૩.૫ અબજ વર્ષ જુના ક્રેટરને ‘કૃષ્ણન’ નામ અપાયું હતું. આ ક્રેટરની નજીકના એક ૫૦ કિ.મી.ના મેદાની પ્રદેશને ‘કૃષ્ણન પ્લાન્સ’ નામ અપાયુ છે. તો અમદાવાદની ફિઝીકલ રિસર્ચ લેબોરેટરીના ભુ-ભૌતિકશાસ્ત્રી દેવેન્દ્ર લાલના નામે ‘લાલ’ નામનો ક્રેટર છે. મંગળના ગ્રહ પર મોટા ક્રેટરોને દિવંગત વૈજ્ઞાનિકોના નામો અપાય છે. તો ઈસરો જયાથી એના અવકાશ કાર્યક્રમો માટે રોકેટના પ્રક્ષેપણો કરે છે એ થુમ્બા ઈકવેટોરિયલ લોન્ચીંગ સેન્ટરના નામે ‘થુમ્બા’ ક્રેટર અને અવકાશ તથા ખગોળ વિજ્ઞાનના મહત્વના સંશોધનો કરતી સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ સ્પેસ સાયન્સ એન્ડ ટેકનોલોજી જયા આવેલી છે એ વાલીયામાલાના નામે પણ એક ક્રેટર છે. તો મંગળ પરની એક ૫૦ કિ.મી. લાંબી ખીણને કેરલની સૌથી લાંબી નદી પેરિયાર વલ્લીસનું નામ અપાયેલું છે. એ રીતે વકૈલા બીચના નામે પણ એક ક્રેટર છે. એટલું જ નહીં કાસરગૌડમાં આવેલા ૧૭મી સદીના દરિયાઈ કિલ્લાના નામે પણ એક ‘બેકલ’ ક્રેટર આવેલો છે. તેમ નાના-મોટા ગામો કે નગરોના નામો પણ નાના ક્રેટરોને આપવામાં આવે છે એ રીતે ત્યાં પુના, લોનાર, કાકોરી, મુરસન કે હિલ્સા જેવા ભારતના નાના નગરો કે શહેરોના નામો ક્રેટરોને અપાયેલા છે. મંગળ અને ગુરુના ગ્રહની વચ્ચે લઘુ કે શુદ્ર ગ્રહોનો એક પટ્ટો આવેલો છે. એવો અંદાજ છે કે લગભગ ૪ લાખથી વધુ એવા લઘુ કે શુદ્ર ગ્રહો હશે. જે પૈકી ૧,૮૫,૬૮૫ ને ક્રમાંક અપાયા છે તો ૧૪,૪૩૮ ને નામો અપાયાં છે. એવાં ઘણાં લઘુગ્રહોને ઈન્ટરનેશનલ એસ્ટોનોમીકલ યુનિયન દ્વારા ભારતીય વૈજ્ઞાનિકો અને એના શોધકોના નામ અપાયા છે. આવા લઘુગ્રહોમાં કોઈ પ્રથમ ભારતીય શોખીન ખગોળવિદ તરીકે વિષ્ણુ રેડ્ડીએ શોધેલા લઘુગ્રહને એમણે ઈન્ડિયા નામ આપ્યું હતું. જયારે વૈજ્ઞાનિકોના નામે જોઈએ તો શ્રીનિવાસ રામાનુજન, ડો. સી.વી. રામન, ડો. એસ. ચંદ્રશેખર, ડો. વિક્રમભાઈ સારાભાઈ, ડો. વેણુ બાપ્પુ, પ્રો. જયંતમૂર્તિ, જે.સી. ભટ્ટાચાર્ય, પીઆરએલના શશી ગણેશ જેવાના નામો વિવિધ લઘુગ્રહોને અપાયેલા છે. આકાશમાં દિગ્ગજ શાસ્રીય ગાયક સ્વ. પંડિત જશરાજ ઉપરાંત ચેસમાં ગ્રાન્ડમાસ્ટર બનેલા વિશ્વનાથ આનંદના નામે ‘વિશ્યાનંદ’ નામના લઘુગ્રહો છે. અનેક ભારતીય વિદ્યાર્થીઓએ પણ લઘુગ્રહો શોધ્યા છે અને એમના નામો પણ એને અપાયા છે. ગુજરાતમાંથી હેતલ વૈષ્ણવ અને ઋતુ પારેખના નામે પણ લઘુગ્રહો છે. જો કે જે નવા લઘુગ્રહો શોધાય છે એની પુષ્ટીમાં સમય જતો હોવાથી નામકરણ પાછળથી થતાં હોય છે. આપણા સૂર્યમંડળના જ સભ્ય એવા ધુમકેતુઓ પણ એના શોધકના નામે ઓળખાતાં હોય છે. જો કે ભારતના કોઈ એવા શોધકના નામે હોય એવો માત્ર એક જ ધુમકેતુ છે. જે આપણાં દિગ્ગજ ખગોળવૈજ્ઞાનિક અને કોડાઈકેનાલની વેધશાળાને જેમનું નામ અપાયું છે એ ડો. વેણુ બાપ્પુના નામે છે. તેમણે અમેરિકામાં એમના અભ્યાસ દરમ્યાન હંસ તારામંડળમાં શોધ્યો હતો. આ ધુમકેતુ ‘બાપ્પુ-બોક-ન્યુક્રિક’ના નામે ઓળખાય છે. આ ધુમકેતુ ઈ.સ. ૧૯૪૯માં શોધ્યો હતો. એ ૬૦ હજાર વર્ષ પછી ફરી દેખાશે. તેઓ ઈ.સ. ૧૯૭૯માં ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમીકલ યુનિયનના પ્રમુખ પણ રહી ચૂકયા હતાં.

## ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં ‘ત્રીજો રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસ’ ઉજવાયો








સાયન્સ કોર્નર ડેસ્ક
દમણગંગા ટાઈમ્સ, વાપી


ભારતના ચંદ્રયાન-૩ મિશનની ઐતિહાસિક સફળતાની યાદમાં દર વર્ષે ૨૩ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ અંતર્ગત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર, રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા તા. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ત્રીજા રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને સંપૂર્ણ રાષ્ટ્રીય ગીત ‘વંદે માતરમ’ ના ગાનથી કરવામાં આવી હતી. જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત તથા સંબોધન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ આર્યભટ્ટથી ગગનયાન સુધી ભારતની ગૌરવશાળી અવકાશ યાત્રા વિષય પર વિજ્ઞાન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જે પ્રો. વિજયકુમાર રમણલાલ વિસાવળીયા, આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી ઈજનેરી કોલેજ, વલસાડ દ્વારા આપવામાં આવ્યું હતું. વ્યાખ્યાન દરમિયાન ભારતની પ્રાચીન ખગોળીય પરંપરાથી લઈને આધુનિક અવકાશ વિજ્ઞાન સુધીની રોમાંચક સફર રજૂ કરવામાં આવી હતી. કૃત્રિમ ઉપગ્રહોની મદદથી નકશા કેવી રીતે તૈયાર કરવામાં આવે છે, જીવંત ટીવી પ્રસારણ, સંચાર, હવામાનની આગાહી અને પૃથ્વીનું અવલોકન જેવી વિવિધ ઉપયોગિતાઓ, ઈસરોની સ્થાપના તથા ભારતની રોકેટ ટેકનોલોજીની ઉત્ક્રાંતિ વિશે રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. પ્રાચીન ભારતના ખગોળવિજ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે જોડતાં સૂર્યગ્રહણ જેવી ખગોળીય ઘટનાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહાન ગણિતજ્ઞ અને ખગોળશાસ્ત્રી આર્યભટ્ટના યોગદાન વિશે માહિતી આપવામાં આવી હતી. આર્યભટ્ટના ગણિત અને ખગોળવિજ્ઞાન ક્ષેત્રે કરવામાં આવેલા મહત્વપૂર્ણ કાર્યથી લઈને ભારતના અવકાશ કાર્યક્રમના પિતા ડૉ. વિક્રમ સારાભાઈની પ્રેરણાદાયી યાત્રા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

સાયકલ ઉપર રોકેટના પરિવહનથી લઈને ભારતના આધુનિક અને ઊંચી વહનક્ષમતા ધરાવતા GSLV રોકેટ સુધીની ભારતની અવકાશ યાત્રા વિશે પણ રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. વ્યાખ્યાનમાં રોકેટ કેવી રીતે પ્રક્ષેપિત કરવામાં આવે છે, રોકેટના વિવિધ તબક્કાઓ કેવી રીતે કાર્ય કરે છે તથા ભારતના પ્રથમ ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન SLV-૩થી લઈને આધુનિક GSLV રોકેટ સુધીની રોકેટ ટેકનોલોજીના વિકાસને સરળ ભાષામાં સમજાવવામાં આવ્યો હતો. ભારતના ચંદ્ર અભિયાન ચંદ્રયાન-૧, ચંદ્રયાન-૨ અને ચંદ્રયાન-૩ની સિદ્ધિઓ વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત મંગળયાન, આદિત્ય-L1 અને ગગનયાન જેવા મહત્વાકાંક્ષી મિશનો દ્વારા ભારતે અવકાશ સંશોધનના વિવિધ ક્ષેત્રોમાં મેળવેલી સિદ્ધિઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ વોટર રોકેટનું જીવંત નિદર્શન રહ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓએ જાતે વોટર રોકેટનું પ્રક્ષેપણ કર્યું હતુ જેના દ્વારા વિદ્યાર્થીઓને રોકેટ ન્યુટનના ગતિના ત્રીજા નિયમના સિદ્ધાંત પર કાર્ય કરે છે તે અંગે પ્રયોગાત્મક સમજ મળી હતી. કાર્યક્રમ દરમિયાન ચંદ્રયાન ૩ આધારિત ડોક્યુમેન્ટરી ફિલ્મ નું નિદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર દ્વારા પ્રાચીન આકાશ થી આધુનિક ક્ષિતિજ સુધી ભારત ની અવકાશ ધરોહર પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ રાઠોડ દ્વારા વિદ્યાર્થીઓને પ્રદર્શનીમાં પ્રદર્શિત વિવિધ પેનલો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓને અવકાશ વિજ્ઞાનના વિવિધ પાસાઓને પ્રદર્શનોના માધ્યમથી સમજવાની તક મળી હતી. આ ઉપરાંત, જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર અને લોક વિજ્ઞાન કેન્દ્ર, નવસારી (ગુજકોસ્ટ)ના સહયોગથી વિદ્યાર્થીઓ માટે સ્પેસ ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પેસ ક્વિઝ સ્પર્ધામાં કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ક્વિઝમાં ટોચના ત્રણ વિજેતા વિદ્યાર્થીઓને સાયન્સ સિટી, અમદાવાદની મફત મુલાકાત માટેના વાઉચર આપવામાં આવ્યા હતા. લોક વિજ્ઞાન કેન્દ્ર, નવસારી ના ચીફ કોર્ડીનેટર મિહિર પટેલ દ્વારા ક્વિઝમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

વધુમાં જિલ્લા કક્ષાની STEM ક્વિઝના ધરમપુર તાલુકાનાં ટોચના ચાર વિજેતા વિદ્યાર્થીઓને ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વડોદરાથી ઉપસ્થિત અન્ય વક્તા મિથિલેશ પટેલે વિદ્યાર્થીઓ સાથે IPR બૌધિક સંપદા અને પેટન્ટ વિષય પર રસપ્રદ માહિતી વહેંચી હતી. કાર્યક્રમના વક્તા પ્રો. ડૉ. આશા ગોહિલ, આટ્ર્સ કોલેજ મોટાપોંઢાએ પોતાના વક્તવ્ય દરમિયાન જણાવ્યું હતું કે, બાળકોમાં ઘણી જિજ્ઞાસા અને ઈનોવેશન હોય છે, તેમણે વિદ્યાર્થીઓને પુસ્તકો વાંચવા માટે પણ પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે તેમણે ‘પુસ્તક પરબ’ સાથે સંબંધિત વીડિયો ફિલ્મ પણ દર્શાવી હતી. આ કાર્યક્રમમાં કાંતા ગોસ્વામી (પ્રેસિડેન્ટ, Ladies Empowerment, સ્વર્ણ ક્લબ, વલસાડ), ક્રિન્જલ વણકર (વાઈસ પ્રેસિડેન્ટ, સ્વર્ણ ક્લબ, વલસાડ), રૂપલ પરમાર (પાસ્ટ ક્લબ પ્રેસિડેન્ટ, સ્વર્ણ ક્લબ, વલસાડ), સંગીતા (સભ્ય, સ્વર્ણ ક્લબ) તથા દિલીપજી (વડોદરા) ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે ચીફ એડિટર, ઉજ્જવલ ભારત ન્યૂઝ, ચાર્ટર પ્રેસિડેન્ટ, LE સ્વર્ણ ક્લબ તથા સ્વદેશી જાગરણ મંચ, વલસાડ શહેર સંયોજક સીમા ભટ્ટાચાર્ય ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં વડોદરાથી વક્તા તરીકે મિથિલેશ પટેલ, વક્તા તરીકે પરિતોષ ભટ્ટ તથા તેમની ધર્મપત્ની ઉપસ્થિત રહ્યાં હતાં.

આ ઉપરાંત વિવિધ ક્ષેત્રના મહાનુભાવોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ મહત્વ આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં ૪૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓ, મુલાકાતીઓ અને અતિથિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ના સ્ટાફ નો અમૂલ્ય સહયોગ પ્રાપ્ત થયો હતો.

VAPI PAGE - 5

# ઉમરગામ તાલુકા વિશેષ

Friday 28, August 2026

- ઉમરગામ
- સંજાણ
- ભીલાડ
- સરીગામ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : દુકાન નં. ૨, કોમલ કોમ્પલેક્ષ, એમ.કે. મહેતા હાઈ.ની સામે, ઉમરગામ, ૯૮૨૪૦૭૦૫૭૧/૯૯૯૮૦૩૯૨૬૯

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in

### ધારાસભ્ય રમણભાઈ પાટકર દ્વારા ખાતમુર્હુત કરાયું

## કલગામમાં રૂા. ૨ કરોડના ખર્ચે શાળાનું મકાન તૈયાર થશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** કલગામ ગ્રામ પંચાયત સરપંચ રોહિતભાઈ હળપતિ ઉપસરપંચ રસિકભાઈ પટેલ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, એસ આઈ એ નોટિફાઈડ બોર્ડ ચેરમેન દિલીપભાઈ ભંડારી, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ શાળાના આચાર્ય નિવૃત્ત શિક્ષકો અને મોટી સંખ્યામાં વાલીઓ તથા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વિધિવત ખાતમુહૂર્ત કરી સુવિધા સંપન્ન શાળાના મકાનમાં વિદ્યાર્થીઓને આ શિક્ષણનો લાભ મળી રહે તે માટે ધારાસભ્ય રમણભાઈ પાટકર તથા આગેવાનોએ શ્રીફળ વધેરી કામગીરીનો પ્રારંભ કરાવ્યો. ધારાસભ્ય રમણભાઈ પાટકરે પ્રસંગિક ઉદબોદન કરતા જણાવ્યું હતું કે, ઉમરગામ તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે છેલ્લા બે દાયકામાં નોંધપાત્ર સુધાર જોવા મળે છે. કરોડો રૂપિયાના ખર્ચે સુવિધા સંપન્ન શાળાઓના મકાનનું નિર્માણ, શાળામાં વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાને રાખીને પૌષ્ટિક આહાર, વિદ્યાર્થીનીઓને અવરજવર માટે સાયકલ સુવિધા ઉપરાંત અનેક સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવી રહી છે.

કલગામ ખાતે આગામી સમયમાં પાંચ જેટલી કોલેજનું નિર્માણ થવા જઈ રહ્યું જે અંગે જમીન માટે જિલ્લા કલેકટરમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. શાળાના મકાનના નિર્માણ કાર્ય સમયે ગુણવત્તા અંગે તકેદારી રાખવા ધારાસભ્ય રમણભાઈ પાટકારે એજન્સી તથા ઉપસ્થિત સરપંચ અને શિક્ષકોને ટકોર કરી હતી.

કાર્યક્રમમાં ઉમરગામ એપીએમસી ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર, જિલ્લા ભાજપના હોદ્દેદાર મયુરીબેન, ફણસાના આગેવાન હર્ષદભાઈ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ અલકાબેન, સહિત ગ્રામજનોની ઉપસ્થિતિ જોવા મળી હતી. શાળાના નિર્માણ કાર્ય માટે જમીન દાનમાં આપનાર દાતાનું ખાતમુહૂર્ત પ્રસંગે સાલ ઓઢાડ સન્માન કરાયું હતું.

## ઉમરગામમાં બ્રહ્માકુમારીઝ દ્વારા રકતદાન શિબિર યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ભૂતપૂર્વ મુખ્ય પ્રશાસિકા દાદી પ્રકાશમણિજીના ૧૯ મા સ્મૃતિ દિન નિમિત્તે વિદ્યાલયનાં ભારત તેમ જ નેપાળનાં સેવાકેન્દ્રો દ્વારા વિશ્વ બંધુત્વ રક્તદાન મહા અભિયાન ઓગસ્ટ માસની ૨૧ થી ૨૫ તારીખો દરમિયાન આયોજિત કરવામાં આવ્યું હતું. ઉમરગામ સેવાકેન્દ્ર દ્વારા ૨૪ તારીખે સ્થાનિક સેવાકેન્દ્ર ખાતે યુ.આઈ.એ., રોટરી ક્લબ, રોટરેક્ટ ક્લબ, ઈનરવ્હીલ ક્લબ અને લાયન્સ ક્લબના સહકારથી રક્તદાન શિબિર આયોજિત કરવામાં આવી હતી. શિબિરનું ઉદઘાટન સેવાકેન્દ્ર સંચાલિકા બ્ર.કુ. ચેતનાબેન, યુ.આઈ.એ. ના સેક્રેટરી શ્યામભાઈ, રોટરીના પ્રમુખ હેમંત ભાટી, રોટરીના સેક્રેટરી ચંપકભાઈએ દીપ પ્રગટાવીને કર્યું હતું.

ઉમરગામની જનતાને પોતાની ભીતરની કરુણાને કર્મમાં તેમ જ પ્રેમને સેવામાં બદલવાની અપીલ કરવામાં આવી હતી. રક્તદાન મહા અભિયાનનો ઉદ્દેશ્ય ફક્ત રક્ત એકત્રિત કરવાનો નહીં પણ સમાજમાં એકતા, માનવતા અને દયા જેવા મૂલ્યોને જાગૃત કરવાનો હતો. ઉમરગામ ખાતે આ ઉદ્દેશ્ય ચરિતાર્થ થયો હતો કારણ કે રક્તદાતાઓમાં હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન આ તમામ ધર્મના અનુયાયીઓનો સમાવેશ થયો હતો. શિબિરમાં રક્ત એકત્રીકરણની સેવા માનવ આરોગ્ય સેવા કેન્દ્રએ આપી હતી. બ્ર.કુ. ચેતનાબેને તમામ રક્તદાતાઓ તેમ જ સહ આયોજક સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો છે.

### રૂા. ૧૨ લાખના ખર્ચે નિર્માણ પામેલ સુવિધાસંપન્ન

## નાહુલીમાં આંગણવાડીનું લોકાર્પણ કરાયું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** ઉમરગામ તાલુકાના નાહુલી ખાતે રૂપિયા ૧૨ લાખના ખર્ચે નિર્માણ પામેલ સુવિધાસંપન્ન આંગણવાડી ભવનનું ધારાસભ્ય રમણભાઈ પાટકરના હસ્તે વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આંગણવાડી ભવનનું લોકાર્પણ થતાં નાહુલીના ભૂલકાઓને વધુ સારી અને સુવિધાસંપન્ન શૈક્ષણિક તેમજ પોષણલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ બનશે. લોકાર્પણ પ્રસંગે ગામના પ્રથમ નાગરિક સરપંચ સોનલબેન, જિલ્લા પંચાયત સભ્ય રેશ્માબેન, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય મુકેશભાઈ પટેલ તથા તાલુકા APMCના ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ, સહિતના આગેવાનોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ઉમરગામ તાલુકામાં 'સંતુલિત અને સર્વાંગી વિકાસના મંત્ર સાથે વિવિધ ક્ષેત્રોમાં વિકાસલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. લોકો સુધી મૂળભૂત સુવિધાઓ પહોંચે તે માટે વિવિધ સરકારી યોજનાઓ હેઠળ કામોને મંજૂરી અપાવી તેનો અમલ કરવામાં આવી રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે શાળા ભવનોનું નિર્માણ, આંગણવાડીના મકાનોનું નિર્માણ તેમજ આરોગ્ય ક્ષેત્રે ભીલાડ CHC ખાતે સુવિધાઓમાં વધારો કરવાના પ્રયાસો સહિતની કામગીરી તાલુકાના વિકાસમાં મહત્વપૂર્ણ બની રહી છે. લોકાર્પણ બાદ ધારાસભ્ય રમણભાઈ પાટકરે આંગણવાડી વર્કરો પાસેથી બાળકોને આપવામાં આવતી સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. સાથે જ રાજ્ય સરકાર દ્વારા મહિલાઓ અને બાળકો માટે અમલમાં મૂકવામાં આવેલી વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓને યોગ્ય રીતે મળી રહ્યો છે કે નહીં તેની પણ તેમણે ખાતરી કરી હતી. વિધિવત લોકાર્પણ બાદ નવીન આંગણવાડી ભવન બાળકો માટે ખુલ્લું મુકવામાં આવ્યું હતું. નવા ભવનથી બાળકોને સુરક્ષિત, સ્વચ્છ અને સુવિધાસંપન્ન વાતાવરણમાં શિક્ષણ તથા પોષણની સુવિધા મળી રહે તેવો આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા

## કાલય આશ્રમશાળામાં રક્ષાબંધન પર્વ ઉજવાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા હળપતિ આશ્રમ શાળા, કાલય ખાતે રક્ષાબંધન પર્વની ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આશ્રમ શાળાના આશરે ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા શાળાને કલર પ્રિન્ટર અને પોડિયમ અર્પણ કરવામાં આવ્યા હતા. કલર પ્રિન્ટરના સ્પોન્સર રોટે.દાસભાઈ હતા, જયારે પોડિયમ રોટે. ભાવિન પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત આશ્રમના પુસ્તકાલયને વધુ સમૃદ્ધ બનાવવા માટે રોટે. ઉદય મારબલી દ્વારા ૫૦ પુસ્તકોનું દાન કરવામાં આવ્યું હતું અને પુસ્તકો શાળાને સોંપવામાં આવ્યા હતા.

આ સેવાકીય યોગદાન બદલ રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા રોટે. ઉદયભાઈ મારબલી, રોટે. દાસભાઈ તથા રોટે.ભાવીન પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આશ્રમશાળાનાં તમામ વિધાર્થીઓ સાથે રોટરી ક્લબના નાં સભ્યો અને શિક્ષકમીત્રોએ સાથે ભોજન લીધું હતું. જેના સ્પોન્સર ક્લબના પ્રમુખ રોટે. રેશમા રાવ હતા.

રક્ષાબંધનના આ પવિત્ર પર્વે વિદ્યાર્થીઓ સાથે આનંદભેર ઉજવણી કરી શૈક્ષણિક સુવિધાઓમાં વધારો કરવાના આ પ્રયાસને આશ્રમશાળા પરિવાર દ્વારા પણ આવકારવામાં આવ્યો હતો. રોટરી ક્લબ ઓફ સરીગામ દ્વારા શિક્ષણ, આરોગ્ય અને સમાજસેવાના ક્ષેત્રે સતત કરવામાં આવતી સેવાકીય પ્રવૃત્તિઓની શ્રેણીમાં આ કાર્યક્રમ પણ એક નોંધપાત્ર સેવા કાર્ય બની રહ્યો હતો.

આ કાર્યક્રમમાં હાજરી આપનાર તમામનો પ્રમુખ રોટે. રેશમા રાવે આભાર વ્યક્ત કર્યો હતો.

## સંજાણની દિકરીએ એથ્લેટીકસ ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** ગુજરાત રાજ્ય એથ્લેટિક્સ એસોસિએશન દ્વારા આયોજિત ગુજરાત સ્ટેટ યુથ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ- ૨૦૨૬નું આયોજન ગોધરા ખાતે થયુ હતુ. જેમા સંજાણ ની દિકરી દિક્ષિતા રાજેશભાઈ સલાટ ખુબ મહેનત કરી હાઈ જમ્પ (ઉંચી કુદ) ની પ્રતિયોગિતામા ગોલ્ડ મેડલ( સ્વર્ણ પદક) મેળવ્યો હતો. એને તેઓનુ હવે રાષ્ટ્રીય સ્તરની ચેમ્પિયનશીપમા સિલેક્શન થયુ છે. આગામી દિવસોમા પંજાબના લુધીયાણા ખાતે રાષ્ટ્રીય એથ્લેટિક્સ યોજાશે તેમા દિક્ષિતા ભાગ લેશે.

રાજ્ય સ્તરે ગોલ્ડ મેડલ મેળવવા બદલ એમના કોચ, સમગ્ર પરિવાર ગ્રામજનો ગર્વની લાગણી અનુભવી રહ્યા છે.

એમના ભાઈ કૌષલભાઈ ગણપતભાઈ સલાટ જેઓ સંજાણ આદર્શ બુનિયાદી શાળા ખાતે સ્પોર્ટસ શિક્ષકની નોકરી કરે છે. રમતગમત ક્ષેત્રે શાળાના બાળકો ખુબ ઉત્સાહ પુરુ પાડે છે. એમના સપોર્ટ થકી આજે દિક્ષિતા ગોલ્ડ મેડલ વિજય બની છે.

## શ્રાવણ માસમાં હરિપ્રબોધમ પરિવાર દ્વારા એકદિવસીય સત્સંગ પારાયણ યોજાયું

### વાપી, ભીલાડ, બોરલાઈ અને ઉમરગામના ૨૦૦ જેટલા ભાવિક ભક્તોએ સત્સંગનો લાભ લીધો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** ગુજરાતીઓ માટે શ્રાવણ માસ પવિત્ર અને ધાર્મિક મહત્ત્વ ધરાવતો મહિનો છે. આ પવિત્ર માસ દરમિયાન વિવિધ ધાર્મિક આયોજનો સાથે ભક્તો આરાધ્યદેવની આરાધના કરી આધ્યાત્મિક ઉન્નતિનો પ્રયાસ કરતા હોય છે. ત્યારે વાપી વિભાગના હરિ-બોધમ પરિવાર દ્વારા એકદિવસીય સત્સંગ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સત્સંગ પારાયણમાં વાપી, ભીલાડ, બોરલાઈ અને ઉમરગામ સહિતના વિસ્તારોમાંથી આશરે ૨૦૦ જેટલા ભાવિક ભક્તો ઉપસ્થિત રહી સત્સંગનો લાભ લીધો હતો. હરિ-બોધમ ધામ, આણંદ-બાકરોલથી પૂજ્ય સર્વમંગલ સ્વામી, પૂજ્ય શાશ્વત સ્વામી, પૂજ્ય પ્રભુદર્શન સ્વામી અને પૂજ્ય સંતવત્સલ સ્વામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પૂજ્ય સર્વમંગલ સ્વામીએ પોતાની રમૂજી અને સરળ શૈલીમાં જીવનમાં આવતા વિવિધ પ્રશ્નો તથા તેના નિવારણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સંતો, સત્સંગ અને ગુરુહરિના જીવનમાં રહેલા મહત્વ વિશે પણ સુંદર માર્ગદર્શન આપ્યું હતું.કાર્યક્રમનું વિશેષ આકર્ષણ વાપીના યુવાનો અને બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલું નાટ્ય પ્રસ્તુતિ રહ્યું હતું. આજના સમયમાં મોબાઈલના વધતા વ્યસનને કેન્દ્રમાં રાખીને રજૂ કરાયેલા આ નાટકમાં મોબાઈલનો ઉપયોગ શરૂઆતમાં માત્ર બે મિનિટથી થાય છે

અને ધીમે ધીમે તે કલાકોના વ્યસનમાં કેવી રીતે પરિવર્તિત થાય છે તથા તેના કારણે માતા-પિતા કેવી રીતે ચિંતિત બને છે તેનું અસરકારક ચિત્રણ કરવામાં આવ્યું હતું. સાથે જ જીવનમાં સત્સંગ, ભગવદીય સંતો અને ગુરુહરિનું સ્થાન હોય તો વ્યક્તિના જીવનમાં સકારાત્મક પરિવર્તન કેવી રીતે આવી શકે તે પણ નાટ્ય સ્વરૂપે રજૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ભીલાડથી વિશ્વ હિન્દુ પરિષદના મુખ્ય પિયુષભાઈ શાહ, અંકિતભાઈ શાહ, રાજેશભાઈ નાવી તથા ગૌતમભાઈ કિતાવતે ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. મહેમાનો દ્વારા ઉપસ્થિત પૂજ્ય સંતોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા બદલ વાપી હરિ-બોધમ પરિવાર દ્વારા સંતો, મહેમાનો તથા ઉપસ્થિત તમામ ભાવિક ભક્તોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. શ્રાવણ માસ દરમિયાન યોજાયેલ આ સત્સંગ પારાયણે ઉપસ્થિત ભક્તોમાં આધ્યાત્મિકતા સાથે જીવનમાં સારા સંસ્કારો અને સકારાત્મક પરિવર્તનનો સંદેશ પ્રસરાવ્યો હતો

## નારગોલની શિવ મહાપુરાણ કથાથી સમગ્ર પંથક ભકિતમય બન્યો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** નારગોલના જગદંબાધામ ખાતે ભંડારી સમાજ, નારગોલ દ્વારા ભોજનાલયના લાભાર્થે આયોજિત વિશ્વવિખ્યાત કથાકાર પ્રફુલભાઈ શુક્લની શ્રી શિવ મહાપુરાણ કથા ભક્તિભાવ અને ધાર્મિક માહોલ વચ્ચે ચાલી રહી છે. કથાના પ્રારંભે વેદમંત્રો, શંખનાદ અને દીપ પ્રાગટ્ય સાથે ધાર્મિક કાર્યક્રમનો શુભારંભ થયો હતો. દીપ પ્રાગટ્ય જાણીતા ઉદ્યોગપતિ નરેશભાઈ બંથીર્યા તથા ઉપસ્થિત સંતોના હસ્તે કરવામાં આવ્યું હતું. પ્રથમ દિવસથી જ મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, કાર્યકરો અને ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. કથામાં કથાકાર પ્રફુલભાઈ શુક્લ દ્વારા સોમનાથ, મલ્લિકાર્જુન, મહાકાલેશ્વર અને ઓમકારેશ્વર સહિતના જ્યોર્તિલિંગોની મહિમાનું વર્ણન કરવામાં આવ્યું હતું. તેમણે શ્રાવણ માસમાં શિવકથાનું શ્રવણ ભાગ્યનો ઉદય કરાવે છે તેમ જણાવી શિવભક્તિનું મહત્વ સમજાવ્યું હતું. કથાના વિવિધ પ્રસંગોએ પાર્થિવ શિવલિંગનું પૂજન, અભિષેક, પોથી પૂજન, વ્યાસ પૂજન અને દશાંશ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

શિવ-પાર્વતી વિવાહ પ્રસંગે કથામાં વિશેષ ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. જયશ્રીબેન યોગેશભાઈ શુક્લ ભગવાન શિવની જાન લઈને પધાર્યા હતા, જ્યારે રાકેશભાઈ ભંડારી અને તેમના પરિવાર દ્વારા પાર્વતી પક્ષે રહી કન્યાદાન કરવામાં આવ્યું હતું. મુકેશભાઈ ભંડારી શિવજી અને દિપીકાબેન ભંડારી પાર્વતીજી બન્યા હતા. શંકરભાઈ ભંડારી અને રતનજીભાઈ આહીર દ્વારા મોસાળું ભરવામાં આવ્યું હતું. કથાના અન્ય દિવસે પાર્વતીજીની વિદાયની કરુણ કથાના વર્ણન સમયે ભાવિક ભક્તોની આંખોમાંથી અશ્રુધારા વહેતી થઈ હતી. આ પ્રસંગે પ્રફુલભાઈ શુક્લે દીકરીના સંસ્કાર અને પરિવારને જોડવામાં તેના મહત્વ અંગે જણાવ્યું હતું. કથામાં 'રાકેશભાઈ યુ. ભંડારી, પ્રવિણભાઈ પટેલ, ગણપતભાઈ પટેલ, ધીરજભાઈ દુબળા, ગણપતભાઈ ભંડારી, મોહનભાઈ ભંડારી, અમીષાબેન યોગેશભાઈ ભંડારી, નીતાબેન રસિકભાઈ ભંડારી, તૃપ્તિબેન ભંડારી, ચૈતાલીબેન પટેલ, સુલોચનાબેન ભંડારી, મંજુબેન રાઉત, સાગરભાઈ મિતના, ટીનાબેન બારીયા અને રીતેશભાઈ બારીર્યાં સહિતના ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારબાદ ગણેશ પ્રાગટ્ય ઉત્સવ પણ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે યતીનભાઈ ભંડારી ભગવાન શિવ, જ્યારે પ્રિયાંસ ઓજસ પટેલ ભગવાન ગણેશ અને કાર્તિકેયની ભૂમિકામાં પધાર્યા હતા. ઉમેશભાઈ પટેલ, રોહિતભાઈ હળપતી, તુષારભાઈ પટેલ, રાજેશ રતનજી પટેલ, અશ્વિનભાઈ કોન્ટ્રાક્ટર અને શશીકાંત પટેલ સહિતના મહેમાનોએ ભગવાન ગણેશનું પૂજન-અર્ચન કર્યું હતું અને મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાન ગણેશના દર્શન કર્યા હતા. કથાના વિવિધ પ્રસંગોએ ઈશ્વરભાઈ બારી, ગણેશભાઈ બારી, શૈલેષ હોડીવાલા, નરેન્દ્ર માછી, ઉપેન્દ્ર ટંડેલ, દામુભાઈ, મનોજભાઈ માછી, રાજાભાઈ ભરવાડ, ડો. પ્રમોદભાઈ પટેલ, નયનાબેન કોટવાલ, ચેતનભાઈ ગજરે અને મયુરીબેન બારીં સહિતના મહેમાનો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોનું સ્વાગત યતીનભાઈ ભંડારી, સ્વીટીબેન ભંડારી તથા શિવમહાપુરાણ કથા સેવા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખ યતીન બી. ભંડારીના હસ્તે પત્રકારોને સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન આપી બિરદાવવામાં આવ્યા હતા. સમગ્ર કથા દરમિયાન નારગોલમાં ભક્તિ, શિવ આરાધના અને ધાર્મિક વાતાવરણ જોવા મળી રહ્યું છે.

## ભીલાડ સરકારી કોલેજમાં વિદ્યા વિસ્તાર વ્યાખ્યાન યોજાયુ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** ,ઉમરગામ તાલુકામાં આવેલી સરકારી કૉલેજ, ભિલાડ ખાતે ગુજરાતી અધ્યાપક સંઘ દ્વારા વિદ્યા વિસ્તાર વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું.

હતું. આ વ્યાખ્યાનમાળાનો મુખ્ય ઉદ્દેશ શૈક્ષણિક ક્ષેત્રે જ્ઞાનનો પ્રસાર કરવાનો હતો.આ કાર્યક્રમમાં ડૉ. આશા ગોહિલે ગુજરાતી અધ્યાપક સંઘની વિદ્યા વિસ્તાર વ્યાખ્યાનમાળાના ઉદ્દેશ્ય અને શૈક્ષણિક ભૂમિકા વિશે વાત કરી હતી. તેમણે વીનેશ અંતાણીની નવલકથા પ્રિયજનના સંદર્ભે વિદ્યાર્થીઓને રસ પડે તેવું વક્તવ્ય આપ્યું. ડૉ. ધનસુખભાઈ પટેલે ઝવેરચંદ મેઘાણીની કૃતિ માણસાઈના દીવા પર વક્તવ્ય રજૂ કર્યું.

હિન્દી વિષયના ડૉ. નીલમ સેને આ વ્યાખ્યાનમાળાના સંયોજક તરીકે ઉત્કૃષ્ટ આયોજન અને સંકલન કર્યું હતું, જેના કારણે વિદ્યાર્થીઓ માટે ઉપયોગી વક્તવ્યો યોજાઈ શક્યા. કાર્યક્રમનું સંચાલન રિંકલ પટેલે કર્યું હતું, જ્યારે આભારવિધિ ડૉ. અમિત ગાયકવાડે કરી હતી.

## નારગોલમાં ખોવાયેલું મંગળસુત્ર મૂળ માલિકને પહોચાડાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** આજના સમયમાં જ્યારે માનવતા અને પ્રામાણિકતા ધીરે ધીરે ઓછી થતી જાય છે, ત્યારે નારગોલ ગામમાં પ્રામાણિકતાનો એક પ્રેરણાદાયી કિસ્સો સામે આવ્યો છે. ગત હોળીના તહેવાર દરમિયાન નારગોલના માંગેલવાડ વિસ્તારની એક યુવતી તેના પરિવારના દર્દીને લઈને નારગોલના જાણીતા ડો. નીરજભાઈ બારીઆને ત્યાં દવા લેવા આવી હતી. તે સમય દરમિયાન યુવતીના ગળામાં પહેરેલું કિંમતી મંગળસૂત્ર ક્યાંક પડી ગયું હતું. યુવતી અને તેના પરિવારે આજુબાજુ ઘણી શોધખોળ કરી હતી, પરંતુ મંગળસૂત્ર ક્યાં પડ્યું તેની ચોક્કસ ખબર ન પડતા, આશરે રૂ. ૧.૫૦ લાખની કિંમતનું તે મંગળસૂત્ર પાછું મળવાની આશા તેઓએ છોડી દીધી હતી. પરંતુ કહેવાય છે ને કે, પ્રામાણિક માણસો આજે પણ છે. આજરોજ અચાનક ડો. નીરજભાઈ બારીઆના ઘર પાસે સાફ-સફાઈ દરમિયાન આ ખોવાયેલું મંગળસૂત્ર મળી આવ્યું હતું. ડોક્ટરએ કોઈ પણ લોભ લાલચ વગર તાત્કાલિક તે યુવતીનો સંપર્ક કરી, પુરાવા સાથે તે કિંમતી ઘરેણું સહીસલામત પરત કર્યું હતું. ઘરેણું પરત મળતા યુવતી અને તેના પરિવારની ખુશીનો કોઈ પાર ન રહ્યો. તેમણે ડો. નીરજભાઈનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. ડો. નીરજભાઈ બારીઆના આ પ્રામાણિક કાર્યને લઈને સમગ્ર નારગોલ ગામમાં તેમની ખૂબ પ્રશંસા થઈ રહી છે. આ કિસ્સો સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ છે કે આજે પણ ઈમાનદારી જીવંત છે. ગામના સરપંચ સ્વીટી ભંડારી એ ડો. નીરજભાઈ બારીઆની પ્રામાણિકતાને બિરદાવી હતી.

## નારગોલમાં નશાબંધી હળવી કરવા માંગ ઉઠી

### ગ્રામ પંચાયત દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજૂઆત : પરંપરાગત તાડી વ્યવસાય સાથે જોડાયેલા પરિવારોને રોજગારી આપવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૨૭ :** ઉમરગામ તાલુકાના પ્રવાસન ક્ષેત્રે મહત્વ ધરાવતા નારગોલ ગામમાં પ્રાયોગિક ધોરણે નશાબંધી હળવી કરવાની માંગ ઉઠી છે. આ અંગે નારગોલ ગ્રામ પંચાયતના સરપંચ સ્વીટી યતીન ભંડારી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરી નારગોલની વિશિષ્ટ ભૌગોલિક અને પ્રવાસન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી યોગ્ય નીતિગત નિર્ણય લેવા વિનંતી કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા મુજબ નારગોલમાં આશરે ૫ કિલોમીટર લાંબો સુંદર દરિયાકિનારો આવેલો છે. ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક મહત્વ ધરાવતા નારગોલની મુલાકાતે વર્ષ દરમિયાન દેશના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે તેમજ વિદેશી પ્રવાસીઓ પણ અહીં આવે છે. નારગોલ દમણ, સેલવાસ અને મહારાષ્ટ્રની સરહદ નજીક હોવાથી તેની ભૌગોલિક સ્થિતિ પણ વિશિષ્ટ છે. ગ્રામ પંચાયતની રજૂઆતમાં જણાવાયું છે કે નશાબંધી અમલમાં આવતાં પહેલાં નારગોલના અનેક પરિવારો પરંપરાગત તાડી વ્યવસાય સાથે સંકળાયેલા હતા. ખાસ કરીને પારસી અને ભંડારી સમાજના પરિવારો આ વ્યવસાય સાથે સીધી રીતે જોડાયેલા હતા. ખેતરો અને વાડીઓમાં રહેલા ખજૂરીના વૃક્ષોમાંથી મળતી તાડીનો પરંપરાગત રીતે ઉપયોગ થતો હતો અને અન્ય શહેરોમાં પણ તેની માંગ હતી.

નશાબંધી બાદ આ વ્યવસાય બંધ થતાં આ પરિવારોની આજીવિકા ઉપર અસર થઈ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ખજૂરીના વૃક્ષો અને પરંપરાગત કુશળતા હોવા છતાં તેનો કાયદેસર આર્થિક ઉપયોગ કરી શકાતો નથી અને અસરગ્રસ્ત પરિવારો માટે વૈકલ્પિક રોજગાર કે વિશેષ આર્થિક સહાય અંગે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી નથી તેવી રજૂઆત કરવામાં આવી છે. ગ્રામ પંચાયત દ્વારા નારગોલને પ્રવાસન સ્થળ તરીકે ધ્યાનમાં રાખીને પ્રાયોગિક ધોરણે અને નિયંત્રિત કાયદાકીય વ્યવસ્થા હેઠળ નશાબંધીમાં હળવાશ અંગે વિચારણા કરવાની માંગ કરવામાં આવી છે. સાથે જ લાયસન્સ, પરમિટ, સમય અને સ્થળ સહિતના કડક નિયમો સાથે વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો સ્થાનિક યુવાનોને હોટલ, રિસોર્ટ, રેસ્ટોરન્ટ અને પ્રવાસન ક્ષેત્રમાં રોજગારીની તકો મળી શકે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

રજૂઆતમાં ગેરકાયદેસર રીતે વેચાતા નકલી અથવા હલકી ગુણવત્તાવાળા દારૂના જોખમને ઘટાડવા માટે ગુણવત્તા નિયંત્રિત કાયદેસર વ્યવસ્થા અંગે પણ વિચારણા કરવા જણાવાયું છે. ઉપરાંત તાડી જેવા પરંપરાગત કુદરતી ઉત્પાદનને નિયમન હેઠળ કાયદેસર મંજૂરી આપવાની શક્યતા અંગે અભ્યાસ કરવાની માંગ કરવામાં આવી છે. ગ્રામ પંચાયતે અગાઉ પણ આ મુદ્દે જિલ્લા કલેક્ટર તથા સંબંધિત વિભાગોને રજૂઆતો કરી હોવાનું જણાવી હવે મુખ્યમંત્રીને નારગોલની વિશિષ્ટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી હકારાત્મક નિર્ણય લેવા વિનંતી કરી છે.

# અન્ય સમાચારો

Friday 28, August 2026
દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Friday 28, August 2026

## રાહુલ ગાંધી મહિલા - મોરચો ખોલે છે!

વિપક્ષી નેતા રાહુલ ગાંધી કેન્દ્ર સરકાર - વડા પ્રધાન નરેન્દ્ર મોદી સામે નવા મોરચા ખોલી રહ્યા છે. જંતર-મંતરના દેખાવકારો ઉપર પોલીસદમનની તપાસ માટે સુપ્રીમ કોર્ટે વિશેષ ઉચ્ચ કક્ષાની તપાસ સમિતિ નીમી છે તે છતાં, તપાસ સમિતિને હાંસિયામાં રાખીને રાહુલ ગાંધીએ સંસદ માર્ગ ઉપરના પોલીસ મથકે ધરણા કર્યા અને પોલીસ સામે ફરિયાદ નોંધવાની ફરજ પાડીને વિજય બતાવ્યો! આ પછી પુણેમાં એમણે મહિલા મોરચો ખોલ્યો છે! રાહુલ ગાંધીએ છાત્રોં કી ગૂંજ અભિયાનમાં કોટા, દેહરાદૂન અને પ્રયાગરાજમાં યુવાસભાઓ ગજાવ્યા પછી પુણેમાં વિદ્યાર્થિનીઓ અને મહિલાઓની સભામાં કહ્યું કે ૭૦ કરોડ મહિલાઓ ભારતની સૌથી મોટી સંપત્તિ છે, શક્તિ છે. કોઈ ભલે એવા દાવા કરે કે અમારું અર્થતંત્ર મજબૂત છે અને અમારી સંરક્ષણસેના સૌથી મોટી - વધુ શક્તિશાળી છે પણ હું તો અમારી મહિલા શક્તિ જ સૌથી મોટી - છે આ બાબતમાં હું તદ્દન સ્પષ્ટ છું... પુણેની સભામાં મહારાષ્ટ્રના ખૂણે ખૂણેથી વિદ્યાર્થિનીઓ અને મહિલાઓ ઉમટી હતી અને રાહુલ ગાંધીનાં વિધાનોને હર્ષનાદોથી વધાવ્યાં હતાં, રાહુલ ગાંધીએ મનુસ્મૃતિનો ઉલ્લેખ કરીને કહ્યું કે મહિલાઓ કદી સ્વતંત્ર હોઈ શકે નહીં એવી સલાહ - સ્વીકાર્ય નથી. મહિલાઓ પોતાની જાત સિવાય કોઈની માલિકીની, સેવાદાર નથી. મહિલાઓની આઝાદી અને શક્તિનું ભાન કરાવતા હોય એમ રાહુલ ગાંધીએ જંતર-મંતરનો ઉલ્લેખ કર્યો અને કહ્યું વડા પ્રધાન મોદીને મહિલાઓના કઠોર શબ્દો સામે વાંધો છે પણ પુરુષોની ભાષાનો સાંસ્કૃતિક આઘાત લાગતો નથી! આમ કહીને એમણે મહિલાઓ પ્રતિ પક્ષપાત હોવાનો આક્ષેપ કર્યો છે.

### ૨૮૮ ભારતીયો ગૂમ, ૨૧ ભારતીયોને રેસ્ક્યૂ કરાયા

# નેપાળમાં ભારે તબાહીથી મૃત્યુઆંક ૨૭૦ થયો



(સંપૂર્ણ સમાચાર સેવા) કાઠમંડુ, તા.૨૭ : નેપાળમાં હાલ ભારે તબાહીનો દર્દનાક મંજર જોવા મળી રહ્યો છે. ભારત પણ પાડોશી દેશ પર સતત નજર રાખી રહ્યું છે. દિલ્હીમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલે આ મામલે લેટેસ્ટ માહિતી આપી છે. તેમણે જણાવ્યું કે ભારતના પ્રધાનમંત્રીએ કાલે નેપાળના પ્રધાનમંત્રી સાથે વાત કરી અને ઊંડી સંવેદના વ્યક્ત કરી. પીએમએ કહ્યું કે ભારત નેપાળના લોકો સાથે એકજૂથતાથી છે અને દરેક શક્ય મદદનો પ્રસ્તાવ પણ રજૂ કર્યો. તેમણે કહ્યું કે નેપાળમાં પૂર બાદ રાહત અને બચાવ કાર્ય ચાલુ છે. કેટલાક લોકોને રેસ્ક્યૂ કરાય છે પરંતુ હજુ પણ ૨૮૮ ભારતીય નાગરિકોનો સંપર્ક થઈ શકતો નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે ગૂમ થયેલા લોકોમાં ૭૩ ભારતીય નાગરિકો છે. જે ત્રિશુલી વન પાવર પ્રોજેક્ટમાં કામ કરતા હતા. કાઠમંડુમાં આપણું દૂતાવાસ આ લોકો વિશે વધુ માહિતી મેળવવા માટે પ્રોજેક્ટ હેડના સંપર્કમાં છે. નેપાળમાં પૂરની સ્થિતિ માટે વિદેશ મંત્રાલયમાં એક વિશેષ કંટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે. રણધીર જાયસ્વાલે જણાવ્યું કે ગૂમ થયેલામાં પાંચ મુખ્ય ગ્રુપ છે જેમા કુલ મળીને ૨૮૮ લોકો સામેલ છે. પહેલું ગ્રુપ ૭૩ લોકોનું છે જે ત્રિશુલી પાવર પ્રોજેક્ટ પર કામ કરતા હતા. ત્યારબાદ તમિલનાડુના નાગરિકોના બે અલગ અલગ ગ્રુપ છે જેમાં એક ૩૭ અને બીજુ ૪૯ લોકોનું છે. જેમણે સમ્રાટ અને ફ્લાઈ એવરેસ્ટ ટ્રાવેલ્સ દ્વારા કૈલાશ માનસરોવરની યાત્રા કરી હતી. પશ્ચિમ બંગાળના ૩૨ નાગરિકોનું એક ગ્રુપ છે જે સમ્રાટ ટ્રાવેલ્સની મદદથી રસુવા જિલ્લાના તિમુરે ગયા હતા. અલગ અલગ રાજ્યોના ૬૧ ભારતીય નાગરિકોનું ગ્રુપ છે. ત્યરાબાદ કેરળના ૩૩ ભારતીય નાગરિકોનું એક ગ્રુપ છે.

નેપાળમાં આવેલા ભીષણ પૂર બાદ ચર્ચા છે કે તેના પાડોશી દેશો માટે કેટલું જોખમ છે? આ મામલે નેપાળના વિદેશ મંત્રી શિશિર ખનાલે હિમાલયની નાજુક સ્થિતિથી ભારત માટે ઊભા થનારા જોખમ વિશે કહ્યું કે હિમાલયમાં જે પણ પીઘળે છે તે સમુદ્રમાં ભળે છે. તેમણે કહ્યું કે, નેપાળ અને ભારતે હંમેશા પોતાના સંબંધોને રોટી બેટી અને સીતા રામની રીતે જોયા છે. અમારા સંબંધોમાં ધર્મ અને સાંસ્કૃતિક જોડાણની હંમેશા મોટી ભૂમિકા રહી છે પરંતુ હવે આપણે આપણા સંબંધોને પર્યાવરણના દ્રષ્ટિકોણથી નવેસરથી પરિભાષિત કરવા પડશે. તેમણે નેપાળમાં આવેલા વિનાશકારી પૂર વિશે વાત કરતા કહ્યું કે, હિમાલયમાં જે પણ પીઘળે છે તે સમુદ્રમાં ભળે છે. બુધવારે અમે અમારી આંખો સામે આ જોયું. હિમાલયમાં નેપાળ-ચીન સરહદ પાસે અચાનક પાણીનો પ્રવાહ વધવાથી પાણી ઝડપથી નીચેની તરફ વહેવા લાગ્યું જેનાથી નેપાળના અનેક વિસ્તારો તબાહ થયા.

ખનાલે કહ્યું કે, ચીન, નેપાળ, ભારત અને ભૂટાન પર્યાવરણીય રીતે એક બીજા સાથે જોડાયેલા છે અને આપણું સહિયારું અસ્તિત્વ અને ભવિષ્ય હિમાલયની ઈકોસિસ્ટમની સુરક્ષા પર નિર્ભર કરે છે. પર્યાવરણના ક્ષેત્રમાં તથા વધુ સહયોગની અપીલ કરતા તેમણે કહ્યું કે, ભલે આ વખતે પૂરના પાણી આગળ વધી શક્યા નહીં અને ભારત પર તેની અસર ન પડી, પરંતુ આવી ઘટનાઓ પહેલા પણ ઘટી ચૂકી છે અને ભવિષ્યમાં પણ થઈ શકે છે.

ખનાલે કહ્યું કે, ચીન, નેપાળ, ભારત અને ભૂટાન પર્યાવરણીય રીતે જોડાયેલા છે અને આપણું અસ્તિત્વ તથા ભવિષ્ય હિમાલયની ઈકોસિસ્ટમની સુરક્ષા પર નિર્ભર છે. રાજનીતિક હરીફાઈ હોઈ શકે છે પરંતુ આપણે એકજૂથ રહેવું પડશે. કારણ કે હિમાલય ક્ષેત્ર જળવાયુ પરિવર્તન પ્રત્યે સૌથી વધુ સંવેદનશીલ છે.

**સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો, સ્થાનિક સમાચારો**

## ડુંગરા પોલીસે મનાવતા મહેકાવી,૪૮ કલાકમાં ૩ જિંદગીઓ બચાવી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** વલસાડ જિલ્લા પોલીસે ફરી એકવાર પોતાની ફરજ સાથે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. વાપી વિભાગની ડુંગરા પોલીસ ટીમે સમય સૂચકતા વાપરીને ગણતરીના કલાકોમાં બે અલગ અલગ બનાવમાં આપઘાત કરવા જઈ રહેલા ત્રણ લોકોના જીવ બચાવ્યા છે.

આ કામગીરીને લઈ સમગ્ર વિસ્તારમાં પોલીસની સરાહના થઈ રહી છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા (IPS) અને ના.પો.અધિક્ષક બી.એન.દવે વાપી વિભાગની જનહિતેષી કામગીરી કરવાની સૂચના હેઠળ કરવામાં આવેલી કામગીરીમાં પ્રથમ બનાવ તા. ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ બન્યો હતો. ડુંગરા નવીનગરીમાં રહેતા એક યુવકે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આપઘાત કરી લેવાની પોસ્ટ મૂકી હતી. આ બાબત ધ્યાને આવતા જ ડુંગરા પોલીસ ટીમ તાત્કાલિક હરકતમાં આવી હતી અને સદર સ્થળે પહોંચી જઈ યુવકનું કાઉન્સેલિંગ કરી તેને રેસ્ક્યુ કર્યો હતો અને મોટી દુર્ઘટના ટળી હતી.

ત્યારબાદ બીજો બનાવ આજરોજ તા. ૨૫ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ છીરીના રામનગરમાં બન્યો હતો. અહીં રહેતા એક પતિ-પત્નીને તેમના શેઠ દ્વારા છેલ્લા બે મહિનાથી પગાર ન ચૂકવાતા પરિવાર આર્થિક ભીંસમાં આવી ગયો હતો. આર્થિક સંકડામણથી કંટાળી પતિ-પત્નીએ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગેની જાણ વલસાડ પોલીસ કંટ્રોલ રૂમમાં થતા કંટ્રોલ રૂમ તરફથી તાત્કાલિક ડુંગરા પોલીસ સ્ટેશનને મેસેજ પાસ કરવામાં આવ્યો હતો. બનાવની ગંભીરતાને સમજીને ડુંગરા પોલીસ તરત જ દંપતીના ઘરે દોડી ગઈ હતી અને બંનેને સમજાવી બચાવી લીધા હતા. એટલું જ નહીં, માનવતાના ધોરણે પોલીસ ટીમ દ્વારા દંપતીને તાત્કાલિક જરૂરી આર્થિક મદદ પણ પૂરી પાડવામાં આવી હતી.

આ સમગ્ર સરાહનીય કામગીરીમાં ડુંગરા પોલીસ સ્ટેશનના PI બી.એન. ગોહિલ, PSI કે.આર. ચોટલીયા, ASI સિધ્ધાર્થભાઈ ખીમજીભાઈ, PC મહેન્દ્રસિંહ ખાનસિંહ અને PC પ્રભાતભાઈ ભિખાભાઈ જોડાયા હતા.

## પારડીમાં બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** કિલ્લાપારડી ખાતે બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા પવિત્રતા, ભાઈચારો અને આધ્યાત્મિક સ્નેહનો સંદેશ આપતા અલૌકિક રક્ષાબંધન તથા નશામુક્તિ પ્રતિજ્ઞા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાત સરકારના નાણાં અને શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

કિલ્લાપારડી સેવાકેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્રહ્માકુમારી પારુલ બહેને કનુભાઈ દેસાઈ સહિત ભાજપ પરિવાર અને શહેરના અગ્રણીઓને રક્ષાસૂત્ર બાંધી પવિત્રતા તથા વ્યસનમુક્ત જીવનનો સંદેશ આપ્યો હતો. આ પ્રસંગે સૌએ નશામુક્તિની પ્રતિજ્ઞા લીધી હતી.

કનુભાઈ દેસાઈએ નશામુક્તિ અભિયાનને બિરદાવતા જણાવ્યું હતું કે નશો સમાજને વિનાશ તરફ લઈ જાય છે. તેમણે અભિયાનને દરેક શાળા, કોલેજ અને મહોલ્લા સુધી પહોંચાડવા કાર્યકરોને અપીલ કરી હતી. તેમણે બ્રહ્માકુમારી સંસ્થાને પોતાના પરિવાર સમાન ગણાવી અહીં આવવાથી શાંતિનો અનુભવ થતો હોવાનું જણાવ્યું હતું. કાર્યક્રમના અંતે રાજયોગ મેડિટેશન કરાવવામાં આવ્યું હતું. પ્રસંગે કમલેશભાઈ ગજાનંદ, ચેતનભાઈ નાયકા, વિપુલ પટેલ સહિત નગરપાલિકાના સદસ્યો, ભાજપના હોદ્દેદારો અને પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. કનુભાઈ દેસાઈને માઉન્ટ આબુ ખાતે યોજાનારી ગ્લોબલ સમિટ માટે નિમંત્રણ પણ અપાયું હતું.

## વલસાડના ડૉ. સુધીર જોશીએ શ્રીનગરથી ખારદુંગલા સુધીનું ૫૦૨ કિમી સાયકલિંગ કર્યું

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વલસાડ, તા. ૨૭ :** વલસાડના હોમિયોપેથિક ફિઝિશિયન અને વલસાડ રેસર્સ ગ્રુપના સક્રિય સભ્ય ડૉ. સુધીર જોશીએ હિમાલયના અત્યંત પડકારજનક માર્ગો પર શ્રીનગરથી ખારદુંગલા સુધીનું ૫૦૨ કિલોમીટરનું સાહસિક સાયકલિંગ અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કરીને વલસાડનું ગૌરવ વધાર્યું છે.

ડૉ. સુધીર જોશીએ ૧૦ ઓગસ્ટથી ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન યોજાયેલા સાત દિવસના આ અભિયાનમાં કુલ ૫૦૨ કિલોમીટરનું સાયકલિંગ કર્યું હતું. આ દરમિયાન તેમણે કુલ ૧૦,૪૮૬ મીટરનું ઊંચાઈ ચઢાણ પણ પૂર્ણ કર્યું હતું. ખાસ વાત એ છે કે તેમણે આ અત્યંત કઠિન હિમાલયન સાયકલિંગ અભિયાન ૬૩ વર્ષની ઉંમરે સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.



ઐતિહાસિક લાલ ચોક, શ્રીનગરથી શરૂ થયેલી આ સાહસિક યાત્રા ઝોજિલા, દ્રાસ, કારગિલ, નામકીલા, ફોતુલા, લામાયુરુ, પથ્થર સાહિબ અને મેગ્નેટિક હિલ જેવા મહત્વપૂર્ણ અને ઊંચાઈવાળા માર્ગોમાંથી પસાર થઈ હતી. ત્યારબાદ ડૉ. જોશી લેહ પહોંચ્યા હતા અને ત્યાંથી અંતિમ તબક્કામાં અત્યંત પડકારજનક ખારદુંગલા તરફનું ચઢાણ પૂર્ણ કર્યું હતું.

સમગ્ર યાત્રા દરમિયાન ઊંચાઈમાં સતત વધારો, ઓક્સિજનની ઓછી માત્રા, કડકડતી ઠંડી, તેજ પવન તેમજ લાંબા અને કઠિન ચઢાણ જેવા અનેક પડકારોનો સામનો કરવો પડ્યો હતો. ઊંચાઈવાળા હિમાલયન માર્ગો પર સતત સાયકલિંગ કરવું શારીરિક સાથે માનસિક રીતે પણ અત્યંત પડકારજનક રહ્યું હતું.

અભિયાનના અંતિમ તબક્કામાં ખારદુંગલા પહોંચતી વખતે હવામાન વધુ વિકટ બન્યું હતું. હિમવર્ષા વચ્ચે તાપમાન આશરે ૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. આવી કઠિન પરિસ્થિતિ છતાં ડૉ. સુધીર જોશીએ ૧૭,૯૮૨ ફૂટની ઊંચાઈએ આવેલા ખારદુંગલા સુધી સાયકલિંગ કરીને અભિયાનની સફળ પૂર્ણાહુતિ કરી હતી.

નિયમિત તાલીમ, સાતત્યપૂર્ણ ફિટનેસ, યોગ્ય આયોજન અને મજબૂત મનોબળના કારણે ડૉ. જોશી આ સાહસિક અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કરી શક્યા હતા.

વલસાડ રેસર્સ ગ્રુપ સાથે સક્રિય રીતે જોડાયેલા ડૉ. જોશીની આ સિદ્ધિ વલસાડના સાયકલિંગ અને ફિટનેસપ્રેમીઓ માટે પણ ગૌરવની બાબત બની છે.

## વાપીની શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરમાં રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ, લાગણી અને રક્ષાના સંકલ્પને ઉજાગર કરતા આ પર્વ નિમિત્તે શાળામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય ચંદ્રવદન પટેલના માર્ગદર્શન હેઠળ તથા તમામ શિક્ષકોના સહયોગથી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. સવારે ધોરણ ૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીનીઓએ વિદ્યાર્થીઓના કાંડા પર રાખડી બાંધી હતી અને ભાઈઓને મીઠાઈ ખવડાવી રક્ષાબંધનની પરંપરા નિભાવી હતી. આ પ્રસંગે નાના ભૂલકાઓમાં પણ રક્ષાબંધન પર્વને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.રક્ષાબંધન પર્વને વધુ સર્જનાત્મક અને યાદગાર બનાવવા માટે ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે રાખડી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ રંગો, કાગળ, મોતી, દોરા તથા અન્ય સામગ્રીનો ઉપયોગ કરીને આકર્ષક અને કલાત્મક રાખડીઓ બનાવી હતી. પોતાની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સાથે ધોરણ ૧થી ૫ના વિદ્યાર્થીઓ માટે રક્ષાબંધન વિષય આધારિત ચિત્રકલા સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ રંગોની મદદથી ભાઈ-બહેનના પ્રેમ અને રક્ષાબંધનના મહત્વને ચિત્રોના માધ્યમથી રજૂ કર્યું હતું. વિવિધ સુંદર ચિત્રો દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. જ્યારે ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે નોન-ફાયર મીઠાઈ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ગેસ કે અગ્નિનો ઉપયોગ કર્યા વિના વિવિધ પ્રકારની મીઠાઈઓ તૈયાર કરી હતી. આ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા સાથે સ્વચ્છતા, ટીમવર્ક અને રસોઈ પ્રત્યેની રુચિને પણ પ્રોત્સાહન મળ્યું હતું.

શાળામાં આયોજિત તમામ સ્પર્ધાઓ અને કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## છીરીની જ્ઞાનગંગા સ્કૂલમાં વૈદિક રક્ષાબંધનની ઉજવણી



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** વાપીના છીરી ની જ્ઞાનગંગા ઈંગ્લિશ હાઈસ્કૂલમાં વૈદિક રક્ષાબંધન કાર્યક્રમ અંતર્ગત અનોખી રીતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન શાળામાં અભ્યાસ કરતા ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને રાખડી બાંધવામાં આવી હતી તેમજ પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપતા વૃક્ષોને પણ રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. દર વર્ષે રક્ષાબંધન પર્વને ધ્યાને લઈ શાળામાં વૈદિક રક્ષાબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

આ અંતર્ગત સદગુરુ ભગવાન તથા ડુંગરા આશ્રમના સાધકો દ્વારા શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ દ્વારા વિદ્યાર્થીઓને રાખડી બાંધવામાં આવે છે. સાથે જ વૃક્ષોને પણ રાખડી બાંધી પ્રકૃતિના સંરક્ષણ અને વૃક્ષોની જાળવણીનો સંદેશ આપવામાં આવે છે. આ વર્ષે યોજાયેલા કાર્યક્રમમાં ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં ભાઈ-બહેનના પવિત્ર સંબંધ સાથે પ્રકૃતિ પ્રત્યેની જવાબદારીની ભાવના વિકસે તેવો સંદેશ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું આયોજન શાળાના ટ્રસ્ટી સંદીપભાઈ પટેલ, પ્રિન્સિપાલ તેમજ શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું. વૈદિક પરંપરા સાથે પર્યાવરણ જાગૃતિનો સમન્વય કરતો આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી બની રહ્યો હતો.

## વાપીના ૫૨ વર્ષની ઉંમરે અનિલ પટેલે ૫૦ કિમી અલ્ટ્રા રેસ પૂર્ણ કરી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** જો મનમાં મજબૂત ઈચ્છાશક્તિ, જુસ્સો અને લક્ષ્ય હાંસલ કરવાની દ્રઢતા હોય તો ઉંમર ક્યારેય સફળતાના માર્ગમાં અવરોધ બની શકતી નથી. વાપીના ૫૨ વર્ષીય અનિલ પટેલે આ વાતને સાબિત કરી બતાવી છે.

તેમણે સાપુતારાના પડકારજનક ડુંગરાળ રસ્તાઓ પર યોજાયેલી ૫૦ કિલોમીટરની અલ્ટ્રા રેસ માત્ર સાત કલાકમાં પૂર્ણ કરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાપુતારામાં સન્ડે સ્પોર્ટ્સ ક્લબ ઓફ વલસાડ દ્વારા આયોજિત આ અલ્ટ્રા રેસમાં વિવિધ પડકારો વચ્ચે અનિલ પટેલે સતત દોડ જારી રાખી હતી. ડુંગરાળ ભૂપ્રદેશ, ઉતાર-ચઢાવ અને મુશ્કેલ માર્ગ હોવા છતાં તેમણે હિંમત હાર્યા વિના નિર્ધારિત સાત કલાકમાં ૫૦ કિલોમીટરનું અંતર પૂર્ણ કર્યું હતું. ચાલુ વર્ષમાં તેમની આ પ્રથમ ૫૦ કિલોમીટરની અલ્ટ્રા રેસ હતી.



મેરેથોનમાં સતત ભાગીદારી

અનિલ પટેલ છેલ્લા ઘણા વર્ષોથી નિયમિત રીતે લાંબા અંતરની દોડ અને મેરેથોનમાં ભાગ લઈ રહ્યા છે. તેમણે ટાટા મુંબઈ મેરેથોન અને અદાણી અમદાવાદ મેરેથોન જેવી પ્રતિષ્ઠિત ૪૨ કિલોમીટરની ફુલ મેરેથોનમાં પણ ભાગ લીધો છે. અત્યાર સુધીમાં તેઓ ચાર ફુલ મેરેથોન સફળતાપૂર્વક પૂર્ણ કરી ચૂક્યા છે,

જ્યારે અનેક હાફ મેરેથોનમાં પણ ભાગ લઈને પોતાની દોડવાની ક્ષમતા અને ફિટનેસ સાબિત કરી છે.

## વાપીમાં મંગલસૂત્રનો એક્સક્લુઝિવ સ્ટુડિયો શરૂ

દમણગંગા ટાઈમ્સ
CORPORATE NEWS

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** વલસાડના જાણીતા જ્વેલર્સ મણિરત્ન ઓર્નામેન્ટ્સ દ્વારા વાપીમાં સોનોરસ બિલ્ડિંગ ખાતે મંગલસૂત્રનો એક્સક્લુઝિવ સ્ટુડિયો શરૂ કરવામાં આવ્યો છે. વલસાડ બાદ વાપીમાં શરૂ કરાયેલા આ વિશિષ્ટ શોરૂમમાં મહિલાઓને પોતાની પસંદગી, જીવનશૈલી અને વ્યક્તિત્વને અનુરૂપ મંગલસૂત્ર પસંદ કરવાનો અનોખો અનુભવ મળશે.સ્ટુડિયોમાં ક્લાસિક ટ્રેડિશનલ મંગલસૂત્રથી લઈને મોર્ડન મિનિમલિસ્ટિક ડિઝાઈન, ડેઈલી વેર માટેના લાઈટવેઈટ મંગલસૂત્ર, ઓફિસવેર કલેક્શન તેમજ ખાસ પ્રસંગો માટેનું રોયલ બ્રાઈડલ કલેક્શન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.આ સ્ટુડિયોની ખાસિયત એ છે કે અહીં માત્ર મંગલસૂત્રના કલેક્શન પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં મંગલસૂત્રની વિશિષ્ટ વેચાણ વ્યવસ્થા ધરાવતા આ પ્રકારના શોરૂમ તરીકે તેને આગવી ઓળખ મળવાની શક્યતા છે.ગ્રાહકોની બદલાતી પસંદગી અને આધુનિક ફેશનને ધ્યાનમાં રાખીને પરંપરા અને આધુનિકતાના સુમેળ સાથે વિવિધ ડિઝાઈન રજૂ કરવામાં આવી છે. વાપી તથા આસપાસના વિસ્તારોની મહિલાઓ માટે મણિરત્નમના આ એકમાત્ર શોરૂમમાં મંગલસૂત્રની પસંદગી અને ખરીદી માટે આ વાપીમાં શરૂ કરાયેલો નવો સ્ટુડિયો આકર્ષણનું કેન્દ્ર બનશે. તેમજ અહીં વાપી અને સંઘ પ્રદેશ દમણ તથા દાદરા નગર હવેલી ના લોકો પણ અહીં ખરીદી કરવા આવશે તેમ શોરૂમના માલિકો દ્વારા આશા સિવાય રહી છે.

## વાપીની આર. કે. દેસાઈ કોલેજ દ્વારા રક્ષાબંધન સ્પર્ધા યોજાઈ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**વાપી, તા. ૨૭ :** વાપીની આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક ભાવનાને પ્રોત્સાહન આપવા માટે રાખી બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર અને સર્જનાત્મક રાખીઓ બનાવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શુભમ રાય અને મોનિકા યાદવ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના પરિણામોમાં -થમ સ્થાન - નિશી રાજેશભાઈ પટેલ, દ્વિતીય સ્થાન - હલપતિ કિંજલ દિનેશભાઈ અને દિશા ગુપ્તા, જ્યારે તૃતીય સ્થાન - પટેલ અમીષા બિપિનભાઈ અને કટારીયા કિંજલ સંજીવભાઈએ પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન સાંસ્કૃતિક સમિતિના ડૉ. સારિકા પટેલ અને સોફિયા મોસેસ દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને કેમ્પસ ડાયરેક્ટર ડૉ. મિત્તલ શાહ અને ચેરમેન મિલન દેસાઈ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તથા તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કોલેજ સમગ્ર વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવે છે.



દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# અન્ય સમાચારો

**No.MAM/KNVL/RBD-DNH/199/2026/1136 Dated: 17/08/2026.**
**APPLICANT - SHRI BABU DIVAL DHODI, R/o. Dungaripada, Dolara, DNH**
**Mob.: 9023541729**

**V/S**

**OPPONENTS Registrar of Birth & Death, Kherdi.**

**NOTICE**

The public to take note that applicant Shri Babu Dival Dhodi, R/o. Dungripada, Dolara, DNH has applied for registration of the birth of his daughter Priyanka Babu Dhodi, D/o. Laxmi Babu Dhodi, who was born on 20/03/2013 at Dungripada, Dolara, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births and Deaths Office, Kherdi.
Therefore, the applicant has requested to issue an order to register birth of his daughter Priyanka Babu Dhodi, D/o. Laxmi Babu Dhodi.
Any person having an objection or complaint regarding this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days of the date of publication of this notice. In absence of objection/complaint, the Executive Magistrate, Khanvel will proceed to issue the necessary order.
This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector Dadra and Nagar Haveli, Khanvel.**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૦૮/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** રાથડ બેલુભાઈ કાકડભાઈ, રહે. ભવઠાણ ફ., મોહના કાંવચાળી, તા.ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોહનાકાંવચાળી, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **રાથડ બેલુભાઈ કાકડભાઈ** રહે. ભવઠાણ ફ., મોહના કાંવચાળી, તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **કરીમાબેન બેલુભાઈ રાથડ**નો જન્મ તા.૬/૧૧/૨૦૧૫નાં રોજ મોહના કાંવચાળી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૦૭/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** ગવળી કિશનભાઈ ધાકલભાઈ, રહે. મોહના કાંવચાળી, ફણસપાડા ફ.,તા.ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોહનાકાંવચાળી, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ગવળી કિશનભાઈ ધાકલભાઈ** રહે. મોહના કાંવચાળી, ફણસપાડા ફ. તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **પ્રતિક્ષાબેન કિશનભાઈ ગવળી**નો જન્મ તા.૩૧/૦૫/૨૦૧૪નાં રોજ મોહના કાંવચાળી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૨૧/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** ચંદનબેન બેલુભાઈ કુંવર, રહે. માંકડબન, તા.ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, માંકડબન, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ચંદનબેન બેલુભાઈ કુંવર** રહે. માંકડબન, તા. ધરમપુર, જી.વલસાડના પોતાનો **ચંદનબેન બેલુભાઈ કુંવર**નો જન્મ તા.૦૨/૦૬/૧૯૮૩નાં રોજ માંકડબન ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**ડિસ્કાઉન્ટ ધમાકા**
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ
લોફર શુઝ
સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસકાઉન્ટ
પેરાગોન, VKC,
ફ્લાયપર, ઈબ્લુ
ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક,
10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361




---

**CHANGE OF NAME**

OLD NAME: SHAIKH ABDUL WAHEED
NEW NAME: WAHEED SHAIKH
ADDRESS: S-2, S S COMPLEX, BHITWADI, MOTI DAMAN, DAMAN- 396 220.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SORIFA KHATUN TO NEW NAME SORIFA BEGUM AS PER DOCUMENTS

---

**No.MAM/SIL/RTS/RBD-DNH/187/Birth/2025/1081 Dated: 23/02/2026.**

**APPLICANT- Jayanta Kumar Barik, Presently residing at- Flat no. B-1/404, Yogi Hills, Near Balaji Mandir, Amli, Silvassa, DNH**
**Mo. 9375447820**

**V/S**

**OPPONENTS- The Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa.**

**NOTICE**

The public to take note that the above, named applicant Jayanta Kumar Barik's son, Sai Aditay Barik was born on 14/10/2024 at Shri Vinoba Bhave Civil Hospital, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Shri Vinoba Bhave Civil Hospital, Silvassa. Hence, the applicant has moved on application to pass an order to register birth of Sai Aditay Barik. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly. **Sd/-**
**RTS-I**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૨૩/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** ગવળી કિશનભાઈ ધાકલભાઈ, રહે. ફણસપાડા ફ., મોહના કાંવચાળી, તા.ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોહનાકાંવચાળી, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **ગવળી કિશનભાઈ ધાકલભાઈ** રહે. ફણસપાડા ફ., મોહના કાંવચાળી તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **દિપાલીબેન કિશનભાઈ ગવળી**નો જન્મ તા.૨૧/૦૩/૨૦૧૬નાં રોજ મોહના કાંવચાળી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૧૪/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** પારિયા કલાબેન પ્રકાશભાઈ, રહે.ભુતરૂણ, મુળગામ, તા.ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગૃપ ગ્રામ પંચાયત મોહપાડા, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **પારિયા કલાબેન પ્રકાશભાઈ** રહે. ભુતરૂણ, મુળગામ, તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **જીયાનીબેન પ્રકાશભાઈ પારિયા**નો જન્મ તા.૦૨/૧૦/૨૦૨૧નાં રોજ ભુતરૂણ ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**ટેરેસ ગળે છે ??**
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
Raymond DIGJAM dinesh NIRVĀN SHIRTINGS Siyaram's ICON ashima DONEAR Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

દમણગંગા ટાઇમ્સ
મુખ્ય કાર્યાલય
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨)જ.મ.પ.અ.નં.૮૫/૨૦૨૬

**અરજદાર : શ્રી રજનીકાંતભાઈ વાસુભાઈ કોળી**
**ઉ.આ.વ.૬૦,** ધંધો - ખેતી રહે. મરોલી, સ્કૂલ ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.સી. પટેલ)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **રજનીકાંતભાઈ વાસુભાઈ કોળી,** રહે. મરોલી, સ્કૂલ ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદા **સ્વ. દયારામભાઈ જીવનભાઈ કોળીનો** મરણ તા.૨૬-૦૧-૧૯૮૨ના રોજ મોજે - મરોલી, સ્કૂલ ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

(કોર્ટનો સિક્કો)

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૧૨/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** સાકરીબેન વસનભાઈ દળવી, રહે. મોટી કોરવળ, સાતમાળી ફ. તા.ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોટી કોરવળ, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **સાકરીબેન વસનભાઈ દળવી** રહે. મોટી કોરવળ, સાતમાળી ફ., તા. ધરમપુર, જી.વલસાડના પુત્રી **પ્રતિક્ષાબેન વસનભાઈ દળવી**નો જન્મ તા.૦૫/૦૭/૨૦૨૧નાં રોજ મોટીકોરવળ ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૧૦૫/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** દીવા ગુલાબભાઈ રાજુભાઈ, રહે. મોહના કાંવચાળી, કાંવચાળી ફ., તા.ધરમપુર, જી.વલસાડ

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોહનાકાંવચાળી, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **દીવા ગુલાબભાઈ રાજુભાઈ** રહે. મોહના કાંવચાળી, કાંવચાળી ફ. તા. ધરમપુર, જી.વલસાડના પુત્ર **સારાંશભાઈ ગુલાબભાઈ દીવા**નો જન્મ તા.૨૮/૦૮/૨૦૨૧નાં રોજ મોહના કાંવચાળી ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારની કચેરી, ધરમપુર**
**તાલુકા સેવા સદન, પ્રથમ માળ તા.ધરમપુર જિ.વલસાડ**
સંપર્ક નંબર:૦૨૬૩૩-૨૪૨૦૨૪ mam-dharampur@gujarat.gov.in

નં.એમએજી/જન્મ/રજી નં.૯૮/૨૦૨૬ તા.૨૭/૦૮/૨૦૨૬

**જાહેર નોટીસ**

**વાદી:-** દિવ્યાબેન ભાયકુભાઈ તુંમડા, રહે. નવા નગર, ઉપલુ ફ. તા.વાંસદા, જી.નવસારી

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત હનમતમાળ, તા.ધરમપુર, જી.વલસાડ**

**વિષય:- જન્મ-મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩ (૩) મુજબ જન્મ/ મરણની નોંધ ધરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતાં-વળતાં તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં અરજદારશ્રી **દિવ્યાબેન ભાયકુભાઈ તુંમડા** રહે. નવા નગર, ઉપલુ ફ. તા. વાંસદા, જી.નવસારીના પોતાનો **દિવ્યાબેન ભાયકુભાઈ તુંમડા**નો જન્મ તા.૧૦/૦૬/૨૦૦૬નાં રોજ હનમતમાળ ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૮/૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સહી/-**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**ધરમપુર**

---




---

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૧૦:૦૦ થી બપોરના ૨:૩૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૧/૦૯/૨૦૨૬ મંગલવાર | કલા એસએસ | (૬૬ કેવી કલા એસએસ ૧૫એમવીએ ટીઆર-૧) | ખેરડી ગામ ખાડીપાડા, ખુમારપાડા, મારગપાડા, કાસપાડા, એક્સપ્રેસ ફીડરઃ ૧૧ કેવી આર્ટિસ ટેક્સટાઈલ, ૧૧ કેવી એયુડીએએક્સ યુનિટ-૧, ૧૧ કેવી છડવા પ્લાસ્ટિક, ૧૧ કેવી સુદર્શન મિન્કેમ |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

---

TORRENT POWER | DNHDD

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતો રહે તે માટે નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે.નીચે દર્શાવેલ સબ-સ્ટેશનોંમાંથી વીજ પૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિયોનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજ પૂરવઠો કાર્યરત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૦૩/૦૯/૨૦૨૬ (ગુરુવાર) સવારે ૧૦:૦૦ થી સાંજે ૫:૦૦ વાગે | રખોલી | (૧૧ કેવી સાયલી - ૩ ફીડર) | ડીંધાપાડા, દત્તુપાડા, અંધેરપાડા, કિનારીપાડા, બિવલાપાડા, આઈએમપી ગલી, બાલાજી એક્સપોર્ટ |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

---

TORRENT POWER | DNHDD

**જાહેર નોટિસ**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના વીજ પુરવઠાનું વહન કરતી વિવિધ ઓવર હેડ લાઈન (એલ.ટી. તથા એચ.ટી.)ની સાથે અથવા વીજ પોલના માધ્યમથી ઘણી જગ્યા એ ગેરકાયદેસર રીતે INTERNET, CABLE TV, FIBER OPTIC અને અન્ય લાઈનના કેબલોનું નેટવર્ક હોવાનું માલુમ પડ્યું છે. આવું વીજ લાઈન સિવાયનું અન્ય નેટવર્ક દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના વીજ વહન કરતા ઈલેક્ટ્રિક નેટવર્ક સાથે હોવું અત્યંત જોખમી છે જે મોટા વીજ અકસ્માતનું કારણ બની શકે છે. જે કોઈ સંસ્થાનું કે વ્યક્તિગત ઉપર જણાવેલ કેબલ નેટવર્ક હોય તો તાત્કાલિક ધોરણે તેને વીજ પોલ ઉપર થી દૂર કરવા વિનંતી કરીએ છીએ. ઉપરોક્ત નેટવર્કને દૂર કરતા પહેલા દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડના કસ્ટમર કેર નંબર 9099991912, 1800-233-9500, 19126, 1800-270-5551 ઉપર જાણ કરવા વિનંતી જેથી સલામત રીતે વીજ પોલ ઉપરથી આવા નેટવર્કને દૂર કરી શકાય. દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડની વીજ લાઈન ઉપરના ગેરકાયદેસર રીતે INTERNET, CABLE TV, FIBER OPTIC કે અન્ય લાઈનના કેબલોને લીધે કોઈ અકસ્માત કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કેબલ/નેટવર્ક ધારકની રહેશે.

**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

---

**હિરો હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ**

HeroHousing Finance

સંપર્ક સરનામું : ઓફિસ નં. ૪૯, બીજો માળ, ગીરનાર ખુશ્બુ પ્લાઝા, કોમર્શિયલ પ્લોટ નં. ૨૦૯, વાપી, જી. વલસાડ, ગુજરાત - ૩૯૬૧૯૫
રજી. ઓફિસ : ૦૯, કમ્યુનીટી સેન્ટર, વસંતલોક, વસંત વિહાર, નવી દિલ્હી-૧૧૦૦૫૭
ફોન : ૦૧૧ ૪૯૨૬૭૦૦૦, ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૧૨ ૮૮૦૦, ઈમેલ : customer.care@herohfl.com
વેબસાઈટ : www.herohousingfinance.com I CIN : U65192DL2016PLC30148

**કબ્જા નોટીસ (સ્થાવર મિલકત માટે)**
**(સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮(૧) સાથે વાંચેલા પરિશિષ્ટ IV મુજબ)**

અત્રે નીચે સહી કરનાર **હીરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્ટ્રક્શન ઓફ ફાયનાન્સયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, અને સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના નિયમ ૩ ને સેકશન ૧૩(૧૨) સાથે વાંચતા** પ્રાપ્ત સત્તા હેઠળ દેણદારોને માંગણા નોટિસ પાઠવી ઉક્ત નોટીસમાં દર્શાવેલ રકમ નોટીસની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરવા નોટિસ પાઠવી હતી.
દેણદારો, એ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયા છે. અત્રેથી દેણદાર અને ખાસ કરીને જાહેર જનતાને અત્રેથી ચેતવણી આપવામાં આવે છે કે નીચે સહી કરનારે ઉક્ત નિયમના નિયમ ૮ ને ઉક્ત કાયદાના સેકશન ૧૩(૪) સાથે વાંચતા પ્રાપ્ત સત્તા મુજબ અત્રે નીચે વર્ણવેલી મિલકતનો કબ્જો લીધો છે
દેણદાર, અને ખાસ કરીને જાહેર જનતાને અત્રેથી એ મિલકત સંબંધી કોઈ સોદા ન કરવા ચેતવણી આપવામાં આવે છે મિલકત સાથેના કોઈપણ સોદા **હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ**ને નીચે દર્શાવેલ રકમ વ્યાજ એના પર પેનલ ઈન્ટરેસ્ટ, ચાર્જીસ, કોસ્ટ, વગેરે સાથે નીચે દર્શાવેલ તારીખથી ચૂકવવાને પાત્ર ઠરશે.
**દેણદારોને સિકયુર્ડ એસેટસ્ ઉગરાવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં એકટના સેકશન-૧૩ના સબ સેકશન (૮) ની જોગવાઈઓ તરફ ધ્યાન દોરવામાં આવે છે.**

| લોન ખાતા નં. | દેણદાર(રો)/કાયદેસરના વારસદાર(રો)/કાનુની | માંગણા નોટીસની તારીખ/ રકમ નીચેની તારીખે | કબ્જાની તારીખ (કન્સ્ટ્રકટીવ/ ફીજીકલ) |
|---|---|---|---|
| HHFVAPHOU230000 35867, HHFVAPIPL 23000035876 | લોકેશ રાકેશ સિંગ, જ્યોતિ રાકેશ સિંગ | ૧૫-જૂન- ૨૦૨૬, રૂા.૧૦૭૬૧૧૫/- જે તા. ૧૧- જૂન- ૨૦૨૬થી બાકી | ૨૪.૦૮.૨૦૨૬ (સિમ્બોલીક) |

**મિલકતોનું વર્ણન :** ડુંગરા, પેટા જિલ્લો : વાપી અને જિલ્લો : વલસાડ, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત જમીનનો સંપૂર્ણ હિસ્સો, જેમાં ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. ૩૦૩, ૫૯.૯૨ ચોરસ મીટર એટલે કે ૬૪૫.૦૦ ચોરસ ફૂટ માપની જમીનનો સંપૂર્ણ હિસ્સો, તેમજ 'વૈભવ લક્ષ્મી કો.ઓપ. હા. સો. લીમી.' તરીકે ઓળખાતી ૧૦,૦૦ ચોરસ મીટરની અવિભાજિત જમીન સાથે, મહેસૂલ સર્વે નં. ૨૧૯/૨, ૨૧૯/૨ પૈકી અને ૨૧૯/૩, પ્લોટ પૈકી નં. ૧૩, સબ પ્લોટ નં. બી-૧૭ આવેલ છે. શીર્ષક દસ્તાવેજમાં દર્શાવેલ સામાન્ય સુવિધાઓ લાઇટ મીટર નં. : ૧૦૧૨૮૦૩, મકાન નં.: ૧૦૧૩૫૨૬/૦ સાથે. મિલકતની દિશા : ઉત્તર : ઓ.ટી.એસ. અને રોડ, દક્ષિણ : ઓ.ટી.એસ., પૂર્વ : ઓ.ટી.એસ., પશ્ચિમ : પ્રવેશ માર્ગ, સીડી અને ફ્લેટ નં. ૩૦૨

**તારીખ : ૨૮/૦૮/૨૦૨૬**
**સ્થળ :વલસાડ**

**સહી/- અધિકૃત અધિકારી**
**હિરો હાઉસિંગ ફાયનાન્સ લીમી. વતી**

Friday 28, August 2026

# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

## વાપીથી ગુમ થયેલા યુવકની લાશ દમણના દરિયાકિનારે મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૨૭ : અંકિતકુમાર રમેશકુમાર ઠક્કર (૩૮) રહે. સી-૪૦૫, શ્રીનાથજી રેસીડેન્સી, લાઈબ્રેરી લીપ્સ સ્કૂલ પાસે, મુક્તાનંદ માર્ગ, ચલા, વાપી તા. ૨૬/૦૮/૨૦૨૬ ના સાંજે ૧૮:૩૦ વાગ્યે મેરીલ કંપની વાપીથી કોઈને કંઈ પણ કહ્યા વિના ચાલ્યો ગયો હતો અને પરત આવ્યો ન હતો. પરિવારે તેની શોધખોળ હાથ ધરી હતી. ત્યારે આજે સવારે તેની લાશ દમણના પરકોટા શેરી પાસેના બીચ પરથી મળી આવી હતી. દમણ પોલીસે મૃતદેહનો કબજો લઈ પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

## વલસાડની મહિલા પણ નેપાળમાં પુરમાં હજુ લાપતા

### કાઠમંડુ ચીન બોર્ડર તરફ જતુ ગૃપ પૂર અને ખરાબ હવામાનને કારણે સંપર્ક વિહોણું થયું : પરિવારજનોમાં ચિંતા : વલસાડ વહીવટી તંત્ર એલર્ટ મોડ પર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** નેપાળમાં ભારે વરસાદના કારણે સર્જાયેલી ભયાનક પૂરની સ્થિતિ વચ્ચે વલસાડના હાલર વિસ્તારમાં રહેતા દિલીપભાઈ ઈંટવાલાની પુત્રી રોમા ઈંટવાલાનો છેલ્લા કેટલાક દિવસોથી પરિવાર સાથે સંપર્ક તૂટી જતાં પરિવારજનો ભારે ચિંતામાં મુકાયા છે.



રોમા ઈંટવાલા ૨૨ મી ઓગસ્ટ એ વલસાડથી મુંબઈ ગયા બાદ ૬૨ પ્રવાસીઓના ગ્રૂપ સાથે હવાઈ માર્ગે કાઠમંડુ (નેપાળ) પહોંચી હતી. ૨૫ તારીખે આ ગ્રૂપ નેપાળ-ચીન બોર્ડર તરફ આગળ વધવાનું હતું, પરંતુ તે જ દિવસની સાંજ બાદ પૂર અને ખરાબ હવામાનને કારણે તેમનો સીધો સંપર્ક થઈ શક્યો નથી.

અન્ય માધ્યમો દ્વારા મળતી પ્રાથમિક વિગતો અનુસાર રોમા સહિતનું આખું ગ્રૂપ સલામત હોવાની જાણ થઈ છે, પરંતુ સીધો ટેલિફોનિક સંપર્ક હજુ સુધી થઈ શક્યો નથી.

ચિંતાગ્રસ્ત પરિવારે સરકાર સમક્ષ નેપાળમાં ફસાયેલા તમામ પ્રવાસીઓને સુરક્ષિત અને હેમખેમ પરત લાવવા માટે તાત્કાલિક મદદની માંગ કરી છે. વલસાડ જિલ્લા વહીવટી તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયું છે. જિલ્લા કલેક્ટર સતત પરિવારના સંપર્કમાં રહી સમગ્ર સ્થિતિ પર નજર રાખી રહ્યા છે.

નેપાળમાં ફસાયેલા જિલ્લાના અન્ય નાગરિકોની માહિતી અને મદદ માટે જિલ્લા આપત્તિ નિયંત્રણ કક્ષ (કલેક્ટર કચેરી) દ્વારા હેલ્પલાઈન પણ કાર્યરત કરવામાં આવી છે.

## બલીઠા હાઈવે પર બુલડોઝર બે દિવસથી થંભી ગયું

### મંગળવારે તેજપાલ મોટર અને મેંગો એનિમલ હોસ્પિટલની માર્જિનનું દબાણ દૂર કર્યા બાદ કામગીરી અટકી, અનેક સવાલો ઉભા થયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૬ :** વાપીના બલીઠા નેશનલ હાઈવે નં. ૪૮ પર ચાલી રહેલી દબાણ હટાવવાની કામગીરી છેલ્લા બે દિવસથી થંભી ગઈ હોવાનું સામે આવ્યું છે, જેને લઈ અનેક સવાલો ઉભા થયા છે.

મળતી માહિતી મુજબ ગત મંગળવારે વહીવટી તંત્ર દ્વારા બલીઠા હાઈવે પર મેગા ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં તેજપાલ મોટર અને તેની બાજુમાં આવેલી મેંગો એનિમલ હોસ્પિટલની માર્જિનમાં આવતી કમ્પાઉન્ડ વોલ સહિતના દબાણો દૂર કરવામાં આવ્યા હતા. તે અગાઉ સલવાવ બ્રિજથી બલીઠા સુધી તંત્ર દ્વારા ૩૫ થી વધુ દબાણો માર્જિન માંથી દૂર કરવામાં આવ્યા નો દાવો કરાઈ રહ્યો છે. જોકે, આ બે દબાણો દૂર કર્યા બાદ બુલડોઝરની કાર્યવાહી આગળ વધી નથી.

છેલ્લા બે દિવસથી હાઈવે પર દબાણ હટાવવાની કામગીરી બંધ હાલતમાં જોવા મળી રહી છે, જ્યારે હાઈવેની બંને તરફ અનેક ગેરકાયદેસર દબાણો યથાવત છે. જેને લઈ અહીંના લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યાં છે. જોકે સ્થળ મુલાકાત દરમિયાન આગળ જતા બલીઠા હાઈવે બ્રિજ નીચે માર્જિનમાં આવતા કેટલાક કેબિન ધારકો જાતે પોતાના દબાણો હટાવતા જોવા મળ્યા હતા. પરંતુ તે બાદ ખાનગી મકાનની કમ્પાઉન્ડવોલ,દક્ષિણ ગુજરાત વીજ કંપનીનો પણ કેટલાક ભાગ માર્જિનમાં આવે છે તેની સામે હાઈવે ઓથોરિટ ક્યારે જેસીબી ચલાવે તેની અહીંના અન્ય લોકો રાહ જોઈ રહ્યાં છે.



## વાપી બજારમાં રક્ષાબંધન પૂર્વે રાખડી બજાર જામ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપીમાં રક્ષાબંધનના તહેવારને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે વાપી ટાઉન અને ગુંજન વિસ્તારમાં આવેલી રાખડી બજારમાં ભારે ગ્રાહકી જોવા મળી રહી છે. તહેવારને લઈ બહેનો દ્વારા ભાઈઓ માટે મનપસંદ રાખડીની ખરીદી કરવામાં આવી રહી છે, જેના પગલે રાખડીના વેપારીઓમાં પણ ખુશાલીનો માહોલ જોવા મળી રહ્યો છે. આ વર્ષે વિવિધ ડિઝાઇન અને આકર્ષક રંગોની રાખડીઓ બજારમાં ઉપલબ્ધ છે. ખાસ વાત એ છે કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રાખડીના ભાવમાં કોઈ નોંધપાત્ર વધારો થયો નથી.

છેલ્લા ૩૫ વર્ષથી વાપી ટાઉન અને ગુંજન વિસ્તારમાં હંગામી રાખડી બજારનું વેચાણ કરતા વેપારી બિમલ શાહ અને યતીન શાહે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે પણ ગ્રાહકોમાં રાખડીની ખરીદી માટે સારો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને ભાવમાં નજીવો પણ વધારો ન થતાં ગ્રાહકોને પણ રાહત મળી છે.

જોકે છેલ્લા દિવસે રાખડી બજારમાં તેમજ સ્વીટ ની દુકાનોમાં ગ્રાહકોની ભારે ભેળ જોવા મળશે.

## વાપીમાં ૭૭મો વન મહોત્સવ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી મહાનગરપાલિકા દ્વારા ૭૭મા વન મહોત્સવની ઉજવણી રોફેલ કોલેજ પરિસરમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વલસાડ જિલ્લા ફોરેસ્ટ ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સ્વાગત વલસાડના નાયબ વન સંરક્ષક આર.આર. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા મનપાના મેયર દક્ષાબેન પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે વાપીને હરિયાળું બનાવવા માટે વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવા સૌએ આગળ આવવું જોઈએ. ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈએ જણાવ્યું હતું કે ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાંની સનાતન સંસ્કૃતિ ધરતી અને તેના પર વસેલા દરેક જીવની પૂજા કરે છે. વૃક્ષોની પણ પૂજા થાય છે. વાપીમાં શહેરીકરણ પહેલા ઔદ્યોગિકરણ થઈ ચૂક્યું છે ત્યારે વનીકરણની ખૂબ જ જરૂર છે. વનીકરણમાં દરેકની ભાગીદારી જરૂરી છે. વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવાનો સંકલ્પ કરી પર્યાવરણના જતનનો સંકલ્પ કરીશું તો જ ધરતીનું સંતુલન જળવાઈ રહેશે અને વાપીને ચોમાસામાં મળતી ૧૦૦ ઈંચ વરસાદની કુદરતી દેન પણ જળવાઈ રહેશે. આ પ્રસંગે વાપી મનપાના કમિશ્નર એન. એફ. ચૌધરીએ જણાવ્યું હતું કે ઉત્તર ગુજરાત સહિત કેટલાય વિસ્તારો છે જ્યાં માંડ ૭ થી ૮ ઈંચ સિઝનનો વરસાદ પડે છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં વાપીથી તાપી સુધીનો વિસ્તાર આશીર્વાદરૂપ છે કે અહીં ૧૦૦ ઈંચથી વધુ વરસાદ પડે છે. અહીં થતા વનીકરણનું જતન કરવું એ દરેક નાગરિક અને નવી યુવા પેઢીની ફરજ છે. આ પ્રસંગે તમામ મંચસ્થ મહાનુભાવોના નામે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું ત્યાર બાદ સામાજિક વનીકરણ વિભાગના વૃક્ષ રથને મહાનુભાવો દ્વારા લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ કાર્યક્રમમાં DFO રબારી, વલસાડ નાયબ સંરક્ષક આર.આર. ચૌધરી, પારડીના RFO અંકિત પટેલ, રોફેલ કોલેજના ટ્રસ્ટી રાકેશ પટવારી, આચાર્ય હિમાલીબેન દેસાઈ, વાપી મનપાના કાઉન્સિલર જયેશ કંસારા, ભાવલેશ કોટડીયા સહિત અનેક મહાનુભાવો અને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

### 'ગેમ્સ ઓફ ઈન્ડિયા' હેઠળ

## દમણ-દાનહની પ્રતિભા રાષ્ટ્રીય મંચે ઝળકશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૨૭ :** ભારત સરકારની નવી પહેલ, જેમ્સ ઓફ ઈન્ડિયા હેઠળ માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ દમણના વિદ્યુત ભવન ખાતે એક ખાસ બેઠક યોજાઈ હતી. નવી દિલ્હીથી આવેલા પ્રસાર ભારતીના એડીપી આશુતોષ કુમારે પહેલના ઉદ્દેશ્યો અને સંભાવનાઓ વિશે માહિતી આપી હતી.

આ બેઠકમાં મીડિયા પ્રતિનિધિઓ, સામગ્રી નિર્માતાઓ, સોશિયલ મીડિયા વિડિઓ નિર્માતાઓ અને મેરા યુવા ભારતના યુવાનોએ હાજરી આપી હતી. આશુતોષ કુમારે જણાવ્યું હતું કે ગેમ્સ ઓફ ઈન્ડિયા રાષ્ટ્રીય સ્તરે દમણ અને દાદરા અને નગર હવેલીની અનોખી ઓળખ સ્થાપિત કરવાની એક સુવર્ણ તક છે. આ દ્વારા, પ્રદેશનો ઐતિહાસિક વારસો, સંસ્કૃતિ, પરંપરાઓ, કુદરતી સૌંદર્ય, સ્થાનિક લાક્ષણિકતાઓ અને પ્રતિભાઓને સમગ્ર રાષ્ટ્ર સમક્ષ પ્રદર્શિત કરી શકાય છે.

'જેમ્સ ઓફ ઈન્ડિયા' દ્વારા, સ્થાનિક કન્ટેન્ટ સર્જકો અને પ્રતિભાશાળી વ્યક્તિઓને તેમની સર્જનાત્મકતા અને પ્રતિભા દર્શાવવાની તક મળશે. મેરા યુવા ભારતના અધિકારી સૃષ્ટિ શર્મા, દમણ આકાશવાણીના અધિકારી હરેશ પટેલ અને અન્ય સભ્યો પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા.

### વલસાડમાં રક્ષાબંધનના તહેવાર ટાણે પાલિકા દ્વારા

## વલસાડમાં દબાણ હટાવવાની કાર્યવાહીથી વેપારીઓમાં રોષ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૨૭ :** વલસાડ શહેરમાં દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યા વધુ વકરી રહી છે. ખાસ કરીને આગામી રક્ષાબંધન સહિતના તહેવારોને ધ્યાને રાખી શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુચારુ રહે તે હેતુથી વલસાડ નગરપાલિકા અને શહેર ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત રીતે ટ્રાફિક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જોકે, આ ઝુંબેશ દરમિયાન શહેરના ભીડભંજન મહાદેવ મંદિર રોડ પર પાલિકાની દબાણ શાખાની કાર્યવાહીને પગલે વાતાવરણ ગરમાયું હતું. તહેવારના દિવસોમાં બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ ઉમટી રહી છે, જેના કારણે મુખ્ય માર્ગો પર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. આ પરિસ્થિતિને નિયંત્રિત કરવા વલસાડ નગરપાલિકાની એન્ક્રોચમેન્ટ (દબાણ



શાખા) ટીમ અને ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગો પરથી ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. કાર્યવાહી અંતર્ગત ભીડભંજન મંદિર રોડ પર લારીઓ ઊભી રાખનારા તેમજ નીચે બેસીને પાથરણાં પાથરી ધંધો કરતા નાના વેપારીઓને અટકાવી માલસામાન હટાવવાની કામગીરી કરવામાં આવતા સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ ફેલાયો હતો. વેપારીઓનું કહેવું હતું કે, વર્ષના મુખ્ય તહેવાર ટાણે જ આવી આકરી કાર્યવાહી થવાથી તેમની રોજીરોટી પર સીધી અસર પડી રહી છે. બીજી તરફ, પાલિકા અને પોલીસ તંત્ર દ્વારા માર્ગો પર થતા દબાણોને કારણે રાહદારીઓ તેમજ વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે, જેથી ટ્રાફિક વ્યવસ્થા જાળવી રાખવા માટે આ કડક પગલાં ભરવામાં આવી રહ્યા છે.

## આજે વલસાડના બે સાહિત્યકારોના દમણ રેડિયો પર વાર્તાલાપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૭ :** આજે તા. ૨૮-૮-૨૬ નારોજ શુક્રવારે બળેવ અને ઝવેરચંદ મેઘાણીની જન્મ જયંતી આવે છે. એ નિમિત્તે બુધસભા વલસાડના ડો. રાધિકા ટીક્કુ આકાશવાણી દમણ ઉપરથી એ દિવસે સવારે સાત કલાકે બળેવ ઉપર વાર્તાલાપ આપશે. અને જાણીતા હાસ્ય લેખક અને હાસ્ય કલાકાર રમેશભાઈ ચાંપાનેરી પણ એ જ દિવસે સવારે ૧૦-૩૦



કલાકે ઝવેરચંદ મેઘાણીના જીવન કવન અને લોકસાહિત્ય ઉપર વાર્તાલાપ આપશે.

ઉલ્લેખનીય છે કે આ બંને વક્તાઓ દમણ ગંગા ટાઈમ્સના નિવડેલા કોલમિસ્ટ પણ છે.

**દમણગંગા ટાઈમ્સ**

**રક્ષાબંધન પર્વ નિમિત્તે આજે દમણગંગા ટાઈમ્સ કાર્યાલય બંધ રહેશે. જેથી તા. ૨૯, ઓગસ્ટ, ૨૦૨૬ને શનિવારનો અંક આવશે નહીં જેની સૌ વાચકોએ નોંધ લેવી**

**-વ્યવસ્થાપક**

## વાપી મનપાની સામાન્ય સભા ૩૧મી જુલાઈએ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપી મહાનગરપાલિકાના પ્રમુખ દક્ષાબેન પટેલના અધ્યક્ષસ્થાને આગામી તા. ૩૧ ઓગસ્ટ ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે વાપી મનપાના હસ્તકના મોરારજી દેસાઈ શોપિંગ સેન્ટરના બીજા માળે આવેલા મિટિંગ હોલ ખાતે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

સામાન્ય સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી તેમજ સ્થાયી સમિતિ દ્વારા લેવામાં આવેલા નિર્ણયો અંગે ચર્ચા કરવામાં આવશે. ઉપરાંત મનપાને રાજ્ય સરકાર તથા વિવિધ ગ્રાન્ટની રકમમાંથી ખર્ચ કરવાના કામો, પાણી પુરવઠા વિભાગને લગતા વિવિધ મુદ્દાઓ તથા ચલા અન્ડરપાસ, કસ્ટમ ફ્રન્ટિયર રોડ અને લાસ્ટ ચોકથી ફળિયા માર્ગના પહોળીકરણના કામ તેમજ નવા કર્મચારીઓની ભરતી અંગે ચર્ચા થશે. અને બહાલી આપવામાં આવશે આ ઉપરાંત વાપી-વલસાડ અન્ડરપાસના સર્વિસ રોડને પહોળો કરવા માટે જમીન સંપાદન, પ્રધાનમંત્રી આવાસ યોજના પ્રોજેક્ટના ડીપીઆરને બહાલી આપવા સહિતના વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

પ્રમુખ સ્થાનેથી પણ શહેરના વિકાસને લગતા વિવિધ કામો અંગે ચર્ચા કરવામાં આવનાર છે. સામાન્ય સભામાં શહેરના માર્ગો, પાણી પુરવઠો, આવાસ, ટ્રાફિક વ્યવસ્થા અને આંતરમાળખાકીય સુવિધાઓને લગતા પ્રશ્નો પર પણ સભ્યો દ્વારા ચર્ચા કરવામાં આવશે.

નાગરિકોને વધુ સારી સુવિધાઓ મળી રહે અને વાપીના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલા વિકાસકામોને સમયસર પૂર્ણ કરી શકાય તે દિશામાં જરૂરી નિર્ણયો લેવામાં આવે તેવી શક્યતા છે.

પ્રમુખ સ્થાનેથી પણ શહેરના વિકાસને લગતા વિવિધ કામો અંગે ચર્ચા કરવામાં આવનાર છે.

## સેલવાસની નમો મેડિકલનું કથિત ખાનગીકરણની તજવીજ! : કોંગ્રેસનો પ્રશ્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૭ :** દાદરા અને નગર હવેલી પ્રદેશ કોંગ્રેસ સમિતિએ નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના કથિત ખાનગીકરણ અથવા કોઈ સોસાયટીને સંચાલન સોંપવાની ચર્ચાને લઈને ભાજપ અને વહીવટીતંત્ર પાસે સ્પષ્ટતા માંગી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ પ્રભુ ટોકિયાએ જણાવ્યું કે કરોડો રૂપિયાના ખર્ચે અને જનતાના કરવેરાના નાણાંથી ઉભી કરાયેલી સંસ્થાને ખાનગી હાથોમાં સોંપવાની કોઈ યોજના હોય તો સરકાર દ્વારા દસ્તાવેજો સાથે જાહેરમાં સ્પષ્ટતા કરવી જોઈએ.




ટોકિયાએ જણાવ્યું કે કોંગ્રેસ અફવા નહીં, પરંતુ જનતામાં ચાલી રહેલી ચર્ચા અંગે સત્તાવાર જવાબ માગી રહી છે. તેમણે ભાજપ પ્રદેશ પ્રમુખ મહેશ અગરિયા, સાંસદ કલાબેન ડેલકર, જિલ્લા પંચાયત પ્રમુખ નિશા ભાવર તેમજ વહીવટીતંત્રને સંસ્થાની વર્તમાન સ્થિતિ અને ભવિષ્યની યોજના અંગે સ્પષ્ટતા કરવાની માંગ કરી છે. કોંગ્રેસ પ્રમુખે અગાઉ વીજ વિભાગના ખાનગીકરણના મુદ્દાનો ઉલ્લેખ કરી આક્ષેપ કર્યો હતો કે સરકારી સેવાઓ અને મિલકતો અંગે સતત સવાલો ઊભા થઈ રહ્યા છે.

તેમણે ચેતવણી આપી કે નમો મેડિકલ સંસ્થાના ખાનગીકરણ અથવા સોસાયટી મારફતે સંચાલનની વાત સાચી સાબિત થશે તો કોંગ્રેસ દ્વારા જનઆંદોલન કરવામાં આવશે.

## વાપીમાં નવા બની રહેલ જે-ટાઈપ રેલ્વે અન્ડરબ્રીજનો સર્વિસ રોડ બિસ્માર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૭ :** વાપીમાં નવા બની રહેલા રેલવે ઓવરબ્રિજના કામ વચ્ચે જે ટાઈપ રેલવે અંડરબ્રિજ તરફના સર્વિસ રોડની હાલત અત્યંત બિસ્માર બનતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. માર્ગ પર ઠેર-ઠેર મોટા ખાડા પડી જતા અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો છે. વાપી ઈસ્ટ અને વેસ્ટ વચ્ચે અવરજવર માટે હાલમાં માત્ર બે અંડરબ્રિજ મુખ્ય માર્ગ તરીકે ઉપયોગમાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં જે ટાઈપ રેલવે અંડરબ્રિજથી સીધો નેશનલ હાઈવે નં. ૪૮ને જોડતો માર્ગ અત્યંત મહત્વનો બની રહે છે. પરંતુ આ માર્ગ પર અનેક સ્થળોએ મોટા ખાડા પડી ગયા છે તેમજ રસ્તો ખરાબ થઈ ગયો હોવાથી અહીંથી પસાર થતા વાપી જીઆઈડીસીના ઉદ્યોગોમાં કામ કરતા હજારો કામદારો, ઉદ્યોગકારો, વાહનચાલકો તેમજ રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ટુ વ્હીલર ચાલકો માટે ખાડાઓ જોખમી સાબિત થઈ રહ્યા છે.

આ માર્ગ વાપી નોટિફાઇડ બોર્ડ હસ્તક આવતો હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ દ્વારા વાપી જીઆઈડીસી નોટિફાઇડ બોર્ડના ચેરમેન મગનભાઈ સાવલિયા તથા તેમની ટીમ દ્વારા સ્થળનું તાત્કાલિક સર્વે કરાવી રસ્તાના રીપેરીંગનું કામ હાથ ધરવાની માંગ કરવામાં આવી છે. સ્થાનિક ઉદ્યોગપતિઓ અને વાહનચાલકોના જણાવ્યા મુજબ, ગત વર્ષે આ માર્ગની સ્થિતિ સારી હતી અને અવરજવરમાં કોઈ મોટી મુશ્કેલી નહોતી. જોકે હાલ માર્ગની બિસ્માર સ્થિતિને કારણે રોજિંદી અવરજવર મુશ્કેલ બની છે.

ટ્રાફિકની વિકટ સ્થિતિ વચ્ચે મહત્વના વૈકલ્પિક માર્ગની તાત્કાલિક મરામત કરવામાં આવે અને ખાડાઓ પૂરવામાં આવે તો હજારો વાહનચાલકો તથા રાહદારીઓને રાહત મળી શકે તેમ છે.

CBSE AFFILIATED - 430373

RAJHANS EDUCATION TRUST'S

VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10


12th Year Anniversary

SPECIAL OFFERS

% Early Bird Discount
Till 31st March

FREE Textbooks
From Nursery to Std 10

Special Concession
On Admission Fees



Additional Curriculum features

1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW

School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 /

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**